પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૫-૦૭-૨૦૨૫- શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૯૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઝાલાવાડમાં સ્કૂલ ઈમારત ધરાશાયી : ૭ બાળકોનાં મોત, ૨૮ ગંભીર

## સરકારી શાળામાં ધો.૭ના વર્ગખંડમાં ૩૫ બાળકો ભણતા હતા ત્યારે સર્જાયેલી દુર્ઘટના : ગામ લોકોએ કાટમાળ નીચે દટાયેલાં માસૂમોને બચાવ્યાં

ઝાલાવાડ, તા. ૨૫

ઝાલાવાડમાં સરકારી શાળાની ઈમારતનો એક ભાગ ધરાશાયી થતાં ૭ બાળકોના મોત થયા છે. આ અકસ્માતમાં ૨૮ થી વધુ બાળકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ અકસ્માત શુક્રવારે સવારે મનોહરથાણા બ્લોકની પીપલોડી સરકારી શાળામાં થયો હતો.

મળતી માહિતી મુજબ, આ અકસ્માતમાં એક ક્લાસરૂમ ધરાશાયી થયો હતો. તેમાં ધોરણ ૭ના ૩૫ બાળકો બેઠા હતા. તે બધા કાટમાળ નીચે દટાઈ ગયા હતા. શિક્ષકો અને ગ્રામજનોની મદદથી, બધા ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા.મનોહરથાના હોસ્પિટલના ડૉ. કૌશલ લોઢાએ જણાવ્યું હતું કે ૧૧ ગંભીર રીતે ઘાયલ લોકોને



જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. આ દરમિયાન રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે ટ્વિટર પર લખ્યું છે કે અકસ્માત ખૂબ જ દુઃખદ છે અને અધિકારીઓને તપાસના નિર્દેશ આપવામાં આવ્યા છે.ગ્રામજનોએ જણાવ્યું હતું કે આ શાળામાં કુલ ૭ ક્લાસરૂમ છે. અકસ્માત સમયે શાળાના બે ક્લાસરૂમમાં ૭૧ બાળકો હતા. અકસ્માત થયો તે ક્લાસરૂમમાં ૭મા ધોરણના બાળકો અભ્યાસ કરી રહ્યા હતા. જ્યારે ક્લાસરૂમ ધરાશાયી થયો ત્યારે શાળામાં બે શિક્ષકો હતા. જોકે, તેમને કોઈ ઈજા થઈ નથી.

ઝાલાવાડ શાળાની ઈમારત દુર્ઘટના અંગે

અનુસંધાન પાના ૭ પર

# માલદીવના રાષ્ટ્રપતિ મુઈઝુ દ્વારા વેલેના એરપોર્ટ પર મોદીનું સ્વાગત



### માલદીવના સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનશે વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા. ૨૫

માલે/નવી દિલ્હી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસની મુલાકાતે માલદીવ પહોંચ્યા છે. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ માલદીવના વેલાના એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિ મુઈઝુના આમંત્રણ પર પીએમ મોદી આ રાજ્ય મુલાકાતે માલદીવ ગયા છે. તેઓ માલદીવના ૬૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનશે, જે બંને દેશો વચ્ચેના ૬ દાયકાના રાજદ્વારી સંબંધોનું પણ પ્રતીક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવા માટે માલદીવના એરપોર્ટ પર બાળકોએ સાંસ્કૃતિક નૃત્યો રજૂ કર્યા. પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મુઈઝુએ તાળીઓ પાડીને બાળ કલાકારોને ઉત્સાહિત કર્યા. બાદમાં, પ્રધાનમંત્રી મોદી આ બાળ કલાકારો વચ્ચે તેમને મળવા પહોંચ્યા.

માલદીવમાં પ્રધાનમંત્રી મોદીના આગમન પર, NRI નાગરિકોએ પણ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. PM મોદી એરપોર્ટની બહાર હાજર આ NRI નાગરિકોને મળ્યા. હાથમાં ત્રિરંગો ધ્વજ પકડીને, ભારતીય નાગરિકોએ એક કલાક સુધી 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા.

પ્રધાનમંત્રી મોદીની બંને દેશોની મુલાકાતનો આ બીજો તબક્કો છે. અગાઉ, તેમણે યુકેની 'ઐતિહાસિક' મુલાકાત કરી હતી, જેમાં ભારત-યુકે

અનુસંધાન પાના ૭ પર

# પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપશે ફ્રાન્સ

## ફ્રાન્સના વલણથી ઈઝરાયેલ અને અમેરિકા નારાજ

નવી દિલ્હી, તા. ૨૫

રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ગુરુવારે જાહેરાત કરી હતી કે ફ્રાન્સ ટૂંક સમયમાં પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપશે. રાષ્ટ્રપતિ મેક્રોને સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ વાતની પુષ્ટિ કરી. ઈઝરાયલ અને અમેરિકાએ તેમની જાહેરાત પર નારાજગી વ્યક્ત કરી છે. મેક્રોને એક પોસ્ટમાં કહ્યું હતું કે તેઓ સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની ઔપચારિક બેઠકમાં પેલેસ્ટાઈનને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપશે.

ફ્રેન્ચ રાષ્ટ્રપતિએ લખ્યું, "મધ્ય પૂર્વમાં ન્યાયી અને સ્થાયી શાંતિ માટે મારી ઐતિહાસિક પ્રતિબદ્ધતાના ભાગ રૂપે, મેં નિર્ણય લીધો છે કે ફ્રાન્સ પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપશે. હું સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં આની ઔપચારિક જાહેરાત કરીશ." આ જાહેરાતને કારણે ઈઝરાયલમાં તીવ્ર પ્રતિક્રિયા આવી. ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ તેને "આતંકને પુરસ્કાર" આપવાનું પગલું ગણાવ્યું અને કહ્યું કે તે ઈઝરાયલ માટે ખતરો છે. તેમણે એક નિવેદનમાં કહ્યું, "આ નિર્ણય આતંકવાદને પુરસ્કાર આપવા જેવો છે અને તે ગાઝા જેવા બીજા ઈરાની સમર્થિત પ્રોક્સીને જન્મ આપશે. આવી સ્થિતિમાં, પેલેસ્ટિનિયન રાષ્ટ્રનો ઉપયોગ ઈઝરાયલ સાથે શાંતિમાં રહેવા માટે નહીં, પરંતુ તેનો નાશ કરવા માટે કરવામાં આવશે." તે જ સમયે, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, "યુનાઈટેડ સ્ટેટ્સ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપવાની ઈમેન્યુઅલ મેક્રોનની યોજનાને સખત નકારે છે. આ

અનુસંધાન પાના ૭ પર

# પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે વિઝા ફ્રી પ્રવેશ કરાર

### બાંગ્લાદેશમાં ભારત વિરોધી પ્રવૃતિને પ્રોત્સાહનની શક્યતા

ઢાકા, તા. ૨૫

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સબંધોમાં તનાવ વધી રહ્યો છે. જયારે પાકિસ્તાન સાથેના સબંધો અગાઉથી જ અત્યંત વણસેલા છે તે વચ્ચે ભારતના બે પાડોશી દેશો હવે વધુ નજીક આવી રહ્યા હોવાથી નવીદિલ્હી માટે રેડ સીગ્નલ જેવી સ્થિતિ બની છે.

બાંગ્લાદેશ આઝાદ થયા પછી પ્રથમ વખત પાકિસ્તાન અને બાંગ્લાદેશ એ બન્ને દેશોના નાગરિકોને વિઝા ફ્રી એન્ટ્રીનો નિર્ણય લીધો છે. ઢાકામાં પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવી અને બાંગ્લાદેશના ગૃહ મંત્રાલયના સલાહકાર જહાંગીર આલમ ચૌધરી વચ્ચેની એક બેઠક બાદ બન્ને દેશોએ પ્રથમ તબકકે ડીપ્લોમેટીક અને ઓફીશ્યલ પાસપોર્ટમાં વિઝા ફ્રી એન્ટ્રીનો નિર્ણય લીધો છે અને ધીમે ધીમે તે સામાન્ય નાગરીકો માટે અમલી બનાવાશે.

સુત્રોના જણાવ્યા મુજબ બન્ને દેશો વચ્ચેના આ નિર્ણયથી ભારત માટે ચિંતા વધશે ખાસ કરીને પાકિસ્તાનની જાસૂસી એજન્સી અને લશ્કરી દળના અધિકારીઓ મુકત રીતે અવરજવર કરી શકશે અને તેઓ બાંગ્લાદેશમાં પહોંચીને ઉતર પૂર્વ ભારત સહિતના ક્ષેત્રો માટે ચિંતા

અનુસંધાન પાના ૭ પર

# મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત પાંચ જિલ્લાઓમાં ભારે વરસાદ

### જરૂરી ન હોય તો ઘરની બહાર નહીં નિકળવા પોલીસની સૂચના

મુંબઈ, તા. ૨૫

મુંબઈ અને આસપાસના જિલ્લાઓમાં ભારે વરસાદ ચાલુ છે. આ કારણે, પોલીસે એક એડવાઈઝરી જાહેર કરીને લોકોને જરૂરી ન હોય ત્યાં સુધી ઘરોમાંથી બહાર ન નીકળવાની સલાહ આપી છે. તેમને દરિયાકાંઠાના વિસ્તારોમાં જવાનું ટાળવા પણ કહેવામાં આવ્યું છે.

ગુરુવારે હવામાન વિભાગે મહારાષ્ટ્ર સહિત પાંચ રાજ્યોમાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું હતું. તે જ સમયે, મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કેરળ, કર્ણાટકમાં ઓરેન્જ એલર્ટ છે.ગુરુવારે પશ્ચિમ બંગાળના બાંકુરા અને પૂર્વ બર્દવાન જિલ્લામાં વીજળી પડવાથી ૧૩ લોકોનાં મોત થયા હતા. આ દરમિયાન ઓડિશા પોલીસે ગંધામર્દન ટેકરીઓ પર ફસાયેલા ૧૭ પ્રવાસીઓને બચાવ્યા હતા.હિમાચલ પ્રદેશના મંડીમાં રસ્તો તૂટી પડવાને કારણે એક બસ અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં ૭ લોકોનાં મોત થયા હતા. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૪૭ લોકોનાં મોત થયા છે.

અનુસંધાન પાના ૭ પર

# સહમતિથી શારીરિક સંબંધોની ઉંમર ઉટાડી ૧૬ વર્ષની કરવા સુપ્રિમ કોર્ટની ભલામણ

## હવે બદલાયેલા સામાજિક વાતાવરણ વચ્ચે ટીનેજરો ઝડપથી યુવા થઈ જાય છે

નવી દિલ્હી, તા. ૨૫

દેશમાં પુખ્તવયની ઉમર પૂર્વે જ ટીનેજમાં વધતા જતા શારીરિક સંબંધોના આકર્ષણ પર અનેક વખત તે અપરાધી અને ખાસ કરીને સહમતીથી આ સબંધો બંધાયા હોવા છતા બાદમાં જે રીતે તેની સામે કાનૂની કાર્યવાહી થાય છે તેમાં હવે સુપ્રિમ કોટ મારફત સરકારને સહમતીથી શારીરિક સંબંધો માટેની હાલની ૧૮ વર્ષની ઉંમર મર્યાદા ઘટાડીને ૧૬ વર્ષની કરવા ભલામણ કરી છે.આ ભલામણ વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને સર્વોચ્ચ અદાલતના સલાહકાર ઈન્દીરા જયસિંહે કરી છે. તેઓએ સુપ્રિમ કોર્ટમાં એક અરજીમાં આ પ્રકારના સંબંધોમાં જે પ્રકારે અપરાધી ધારા હેઠળના કેસ વધતા જાય છે તેના તરફ સર્વોચ્ચ અદાલતનું ધ્યાન દોરેલ છે.

૧૬થી ૧૮ વર્ષના ટીનેજર સંમતિથી શારીરિક સંબંધો બાંધે તો પણ તેમાં બાદમાં ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૫ અને પોકસો એકટ ૨૦૧૨ હેઠળ અપરાધ ગણવામાં આવે છે.

ઈન્દીરા જયસિંહે પોતાની રજૂઆતમાં કહ્યું હતું કે, ૨૦૧૭થી ૨૦૨૧ વચ્ચે ૧૬થી ૧૮ વર્ષની આયુમાં જે રીતે સગીર ગણાતા છોકરાને છોકરી સહમતીથી શારીરિક સબંધો બાંધે છે તે પ્રકારના કિસ્સામાં ૧૮૦ ટકાનો વધારો થયો છે.આ પ્રકારની ફરીયાદો છોકરીના માતા પિતા દ્વારા કરવામાં આવે છે. જેના કારણે છોકરાનું ભવિષ્ય પણ બગડે છે. તેઓએ તર્ક આપ્યા વગર હાલના સમયમાં જે રીતે રોમાન્ટીક સંબંધો વધતા જાય છે તેને અપરાધમાં ફેરવવા કાનૂની મંજૂરી મળે તે ખોટું છે.

ખાસ કરીને સહમતી વાળા સંબંધો પણ સામાજીક રીતે પણ તેને પરેશાની થાય છે. અને આ પ્રકારના કેસોમાં ટીનેજ છોકરાઓને જ સૌથી વધુ સહન કરવું પડે છે.તેમની દલીલ હતી કે, ૨૦૧૩ સુધી ૧૬ વર્ષ કે તેથી વધુની વયે સહમતીથી બંધાતા શારીરિક સબંધોને કાનૂની માન્યતા હતી પરંતુ બાદમાં જસ્ટીસ

અનુસંધાન પાના ૭ પર

# થાઈલેન્ડ કંબોડીયા વચ્ચે યુદ્ધ ચાલુ સરહદ પર સામ-સામે ગોળીબાર

### થાઈલેન્ડે બોર્ડર વિસ્તારોમાંથી ૧ લાખ લોકોનું સ્થળાંતર, કુલ ૧૪નાં મોત

નવી દિલ્હી, તા. ૨૫

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સતત બીજા દિવસે પણ ગોળીબાર ચાલુ છે. શુક્રવારે સવારે બંને દેશોના સૈનિકોએ સરહદ પર ગોળીબાર કર્યો હતો.

ગુરુવારે, કંબોડિયન સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ૧૪ થાઈ લોકોના મોત થયા હતા. જેમાં ૧ સૈનિક અને ૧૩ નાગરિકોનો સમાવેશ થાય છે. જ્યારે ૧૦ લોકો માર્યા ગયા હતા અને ૧૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

જવાબમાં થાઈલેન્ડે કંબોડિયન લશ્કરી થાણાઓ પર હવાઈ હુમલા કર્યા અને સરહદ પર ફ્ર-૧૬ લડાકુ વિમાનો તૈનાત કર્યા. બંને દેશોએ એકબીજા પર પહેલા હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે.સંઘર્ષ વચ્ચે થાઈલેન્ડે સરહદી વિસ્તારમાંથી ૧૦૦,૦૦૦ લોકોને બહાર કાઢ્યા છે.વિવાદનું કારણ ૯૦૦ વર્ષ જૂનું શિવ મંદિર (પ્રાસત તા મુએન થોમ) છે. બંને દેશો તેના પર પોતાનો અધિકાર દાવો કરે છે. આ મંદિર થાઈલેન્ડના નકશા પર હોઈ શકે છે, પરંતુ કંબોડિયા તેને

અનુસંધાન પાના ૭ પર

# ગાંધીનગરના રાંદેસણના સર્વિસ રોડ પર સફારી કાર બેકાબુ : ચાર લોકોનાં મોત

### પુર ઝડપે દોડતી ગાડીએ અનેક વાહનોને અડફેટે લેતા સંખ્યાબંધ લોકો ઘાયલ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં અકસ્માતની એક ગંભીર ઘટના સામે આવી છે. રાંદેસણના ભાઈજીપુરાથી સીટીપ્લસવાળા સર્વિસ રોડ, પર અકસ્માત સર્જાયો હતો. ટાટા સફારી કારના બેદરકાર ચાલકે રાહદારી અને વાહનચાલકોને અડફેટે લેતા આ દુર્ઘટનામાં એક મહિલા સહિત ૪ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે અન્ય ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, જીજે ૧૮ ઈઈ ૭૮૮૭ નંબરની ટાટા સફારી કારના ચાલકે



ફૂલસ્પીડમાં કાર હંકારતા રસ્તા પર ચાલતા લોકો અને વાહનચાલકોને ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં ચાર લોકોનાં મોત થયા છે, જ્યારે અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

અનુસંધાન પાના ૭ પર

# શેર બજાર ઉઘડવા સાથે મંદી સેન્સેક્સ ૨૪૪ પોઈન્ટ તૂટયો

### શરૂઆતના કારોબારમાં સર્વાંગ ઘટાડો નોંધાયો

નવી દિલ્હી, તા. ૨૫

શુક્રવારે ભારતીય શેરબજાર લાલ રંગમાં ખુલ્યું. સવારે ૯:૨૭ વાગ્યે, સેન્સેક્સ ૨૪૪ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા ઘટીને ૮૧,૯૩૯ પર અને નિફ્ટી ૮૬ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા ઘટીને ૨૪,૯૮૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. શરૂઆતના કારોબારમાં બજારમાં સર્વાંગી ઘટાડો જોવા મળી રહ્યો છે. લાર્જકેપની સાથે, મિડકેપ અને સ્મોલકેપ પણ લાલ રંગમાં ટ્રેડ થઈ રહ્યા છે. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૮૮ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા ઘટીને ૫૮,૮૭૨ પર અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૬૮ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા ઘટીને ૧૮,૬૧૮ પર ટ્રેડ થઈ રહ્યો છે.

ક્ષેત્રીય ધોરણે, ઓટો, નાણાકીય સેવાઓ, FMCG, મેટલ, મીડિયા, ઉર્જા, ખાનગી બેંક, ઈન્ફ્રા, કોમોડિટી અને સેવાઓ સૂચકાંકો લાલ રંગમાં હતા. IT, PSU બેંક અને ફાર્મા લીલા રંગમાં ટ્રેડ થઈ રહ્યા હતા.

સેન્સેક્સ પેકમાં ICICI બેંક, એક્સિસ બેંક, SBI, સન ફાર્મા,

અનુસંધાન પાના ૭ પર

# મોદીએ ઈન્દિરા ગાંધીનો રેકોર્ડ તોડયો, પ્રધાનમંત્રી તરીકે ૪ હજાર ૭૮ દિવસ

### મોદી બીજા ક્રમના સૌથી લાંબો સમય રહેનારા વડાપ્રધાન બન્યા

નવી દિલ્હી, તા. ૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે ૪,૦૭૮ દિવસનો કાર્યકાળ પૂર્ણ કર્યો. આ રીતે, તેમણે ૨૪ જાન્યુઆરી, ૧૯૬૬ થી ૨૪ માર્ચ, ૧૯૭૭ સુધી સતત ૪,૦૭૭ દિવસ સુધી પ્રધાનમંત્રી રહેવાના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના રેકોર્ડને પાછળ છોડી દીધો.આ સિદ્ધિ સાથે, પ્રધાનમંત્રી મોદી ભારતના ઈતિહાસમાં બીજા ક્રમના સૌથી લાંબા સમય સુધી સતત પ્રધાનમંત્રી બન્યા છે, જે તેમના પહેલા દેશના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૫ જુલાઈ, ૨૦૨૫ ના રોજ સતત ૪,૦૭૮ દિવસ સુધી પ્રધાનમંત્રી રહેશે,



અને આ રીતે તેમના નામે ઘણી ઐતિહાસિક સિદ્ધિઓ પણ નોંધાઈ છે. પીએમ મોદી સ્વતંત્રતા પછી જન્મેલા પ્રથમ અને એકમાત્ર પ્રધાનમંત્રી છે જે બિન-કોંગ્રેસી સરકાર અને બિન-હિન્દીભાષી રાજ્યમાંથી આવે છે.તેઓ બે પૂર્ણ કાર્યકાળ પૂર્ણ કરનારા અને બહુમતી સાથે બે વાર ફરીથી ચૂંટાયેલા પ્રથમ અને એકમાત્ર બિન-

અનુસંધાન પાના ૭ પર



# આવ્યો અષાઢી અમાવસ્ય નો તહેવાર દિવસો

સુરત, તા.૨૫

સુરત માં આવેલા રાંદેર વિસ્તાર મા રહેતા ખલાસી સમાજ ની બહેનોએ અષાઢી નોમ ના દિવસ થી લઈ અષાઢી અમાસ ના દિવસ સુધી જવ્યારા વાવી અને સુર્યદેવ ના પત્ની રવિ-રાંદલ માઁ સવારે પૂજા અર્ચના કરે છે. ત્યાર બાદ સાંજે ૫:૦૦ કલાકે માથે તેડી રાંદેર વિસ્તાર માં સવારી કાઢી તેનું (સુર્ય પુત્રી) તાપી નદી માં વિસર્જન કરવામાં આવે છે. એટલું જ નહિ આ રાંદેર વિસ્તારમાં દિવાસામાં મેળા જેવા દશ્યો પણ જોવા મળે છે જે હાલમાં લુપ્ત થવા ના આરે છે. આ (અષાઢ ) દિવાસો ના દિવસ થી લઈ દિવાળી અમાસ (આસો ) સુધી હિન્દુ સમાજ ના તહેવાર - મહોત્સવ સૌ કોઈ લોકોના ઉત્સાહ એક પછી એક તૈયારીમાં જોવા મળે છે.

# ભારતના ટેક્સટાઈલને વિશ્વમાં પ્રમોટ કરવું જોઈએ : સત્ય પ્રકાશ વર્મા

## ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ વીકના ત્રીજા દિવસે 'ટેક્ષ્ટાઇલ ઉત્પાદનના ભવિષ્ય' વિષે સેમિનાર યોજાયો

સુરત, તા.૨૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના ઉપક્રમે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવાના હેતુથી આયોજિત ટેક્ષ્ટાઈલ વીકના ત્રીજા દિવસે બુધવાર, તા. ૨૩ જુલાઈના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા સુરત ખાતે 'ટેક્ષ્ટાઈલ ઉત્પાદનના ભવિષ્ય' વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં ભારત સરકારના પૂર્વ એડિશનલ ટેક્ષ્ટાઈલ કમિશનર તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઈલ ટાસ્ક ફોર્સના એડવાઈઝર શ્રી સત્ય પ્રકાશ વર્માએ મહેમાન તરીકે સ્થાન શોભાવી સુરતના ઉદ્યોગકારોને ટેક્ષ્ટાઈલનું એક્ષ્પોર્ટ કેવી રીતે વધારી શકાય તે દિશામાં માર્ગદર્શન આપ્યું હતું. જયારે ઈન્ડસ્ટ્રીના એક્ષ્પર્ટ તરીકે સિગ્નેચર ટેક્ષ્ટાઈલ મશીન્સના સીઈઓ શ્રી અશોક અડવાણીએ ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઈલ અને ફેબ્રિકસના ભવિષ્ય વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ એ માત્ર ભારત માટે જ નહીં, સમગ્ર વિશ્વ માટે એક મહત્વપૂર્ણ સપ્લાય ચેઈન તરીકે ઉભરતો જઇ રહયો છે. આ ઉદ્યોગને ટેકસેવિંગ અને ગ્લોબલ માંગ પ્રમાણે નવી ઉત્પાદન પદ્ધતિઓ અપનાવવી જરૂરી છે. ઈનોવેશન, સ્કિલ ડેવલપમેન્ટ અને ઈકો ફ્રેન્ડલી ટેકનોલોજી અપનાવવી એ આજના સમયની માંગ છે. ભારત સરકારની નવી નીતિઓ તથા આંતરરાષ્ટ્રીય બજારમાં ઉભરી રહેલી નવી તકોનો સુરતના ઉદ્યોગ સાહસિકોને લાભ લેવો જોઈએ. જો આપણે સમયસર ડિજિટલાઈઝેશન, ઓટોમેશન અને ઉચ્ચ ગુણવત્તા તરફ ધ્યાન આપીશું તો સુરત વિશ્વના ટેક્ષ્ટાઈલ હબ તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવી શકે છે.

ભારત સરકારના પૂર્વ એડિશનલ ટેક્ષ્ટાઈલ કમિશનર તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઈલ ટાસ્ક ફોર્સના એડવાઈઝર શ્રી સત્ય પ્રકાશ વર્માએ જણાવ્યું હતું કે, વૈશ્વિક ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં અનેક પરિવર્તનો અને નવી તકો સામે આવી રહી છે. અમેરિકામાં ૫૦ વર્ષથી વધુ ઉંમરના સિલ્વર જનરેશન ગ્રાહકો પાસે દેશની ૭૨ ટકા સંપત્તિ છે, જેને લક્ષ્યમાં રાખી બ્રાન્ડ્સ માટે વિશાળ વેપારની તકો ઊભી થઈ રહી છે, આથી ઉદ્યોગકારોએ ટેક્ષ્ટાઈલના ઉત્પાદન અને એક્ષ્પોર્ટ માટે હાલના બજારો

અનુસંધાન પાના ૭ પર



# ડો. બાબાસાહેબ આંબેડકર સામાજિક દાયિત્વ ફેડરેશન સુરત દ્વારા ચિંતન શિબિર યોજાઈ

## સમાજ સંગઠીત થશે તો જ આપણી વાત સમજાવી શકીશું : આર.જે. પટેલ

સુરત, તા.૨૫

સુરત, તા. ૨૦ જુલાઈ ૨૦૨૫, ડૉ. બાબાસાહેબ આંબેડકર સામાજિક દાયિત્વ ફેડરેશન દ્વારા સમાજના મૂળ પ્રશ્નો અંગે વિચારમંથન માટે આજે સુરતના સમૃદ્ધિ ભવન નાનપુરા ખાતે એકદિવસીય ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગુજરાતભરમાંથી પ્રતિનિધિઓ, આગેવાનો, યુવા સાથીઓ અને સમાજસેવી વ્યક્તિઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા. શિબિરનો મુખ્ય ઉદ્દેશ સમાજની હાલની સ્થિતિનું મૂલ્યાંકન કરી, ભવિષ્યના માર્ગ માટે વિચાર, સંકલ્પ અને કાર્યપદ્ધતિ નક્કી કરવાનો રહ્યો.

મુખ્ય વિષયોમાં ૧. સંગઠન થકી સામાજિક ઉત્થાનનો સહિયારો પ્રયાસ અને દિશાદર્શન, ૨. સરકારી ભરતી પ્રક્રિયામાં SC/ST/OBCને થતા અન્યાય બાબતે ચર્ચા, ૩. સરકારી નોકરી પ્રક્રિયામાં રોસ્ટરમાં થતા અન્યાય બાબતની ચર્ચા, ૪. યુવા વર્ગના ધંધા-રોજગાર માટે વિચાર વિમર્શ, ૫. શૈક્ષણિક નીતિમાં પરિવર્તન સાથે સમાજના હિતોની જાળવણી કેવી રીતે થાય તેની ચર્ચા અને ૬. માતા રમાઈ/સાવિત્રીબાઈ ફૂલે મહિલા બ્રિગેડની રચના અંગેની ચર્ચાનો સમાવેશ કરાયો હતો.

શિબિરનું ઉદ્ઘાટન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું. ફેડરેશનના અધ્યક્ષ શ્રી નાથુભાઈ સોસાએ ઉદબોધનમાં જણાવ્યું કે, "ડૉ. આંબેડકરનો વિચાર, વિઝન અને વિદ્વત્તાથી ભારતના ગરીબ વર્ગો માટે એક નવી દિશા લાવવી પડશે, આજના યુગમાં તેમનાં વિચારોને જીવંત રાખવા એ આપણું નૈતિક અને ચિંતનમૂલ્ય ભરેલું દાયિત્વ છે. આજના સમયમાં જો

અનુસંધાન પાના ૭ પર

# પલસાણા તાલુકાના વણેસા ગામમાં પ્રાકૃતિક કૃષિ તાલીમ શિબિર યોજાઇ

સુરત, તા.૨૫

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના વણેસા ગામે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત ત્રણ ગ્રામ પંચાયત બેઝડ ક્લસ્ટર દીઠ પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ યોજાઇ હતી. જેમાં પલસાણા તાલુકા મ્સ સંદીપભાઈ પાટીલ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી રાસાયણિક ખેતી છોડી ગાય આધારિત ખેતી તરફ વળવા પ્રોત્સાહન અપાયું હતું. પ્રાકૃતિક ખેતીથી પાક અને જમીનને થતાં ફાયદા તેમજ ખેડૂતોને મળતા આર્થિક લાભ અંગે સવિસ્તાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ પ્રાકૃતિક ખેતી માટે રાજ્યસરકાર દ્વારા મળતી યોજનાકીય સહાયની માહિતી આપવામાં આવી હતી. પ્રાકૃતિક કૃષિના ફાર્મર માસ્ટર ટ્રેનર તેમજ કોમ્યુનિટી રિસોર્સ પર્સને(ઝઈઁ) પણ તાલીમમાં હાજર રહી ખેડૂતોને દેશી ખેત પદ્ધતિના સફળ અનુભવો જણાવ્યા હતા.

# હાંસોટ ખાતે અસામાજીક તત્વોના ઘરે વીજ ચોરી અંગે દરોડા પડાયા

## હાંસોટ પોલીસની અસામાજિક તત્વો પર તવાઈ

અંકલેશ્વર, તા.૨૫

હાંસોટ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર કે,વી.લાકોડે હાંસોટ પોલીસ મથક વિસ્તારમાં રહેતા અસામાજીક તત્વોનુ લીસ્ટ બનાવડાવી પોલીસ સ્ટાફના માણસોની ટીમ બનાવી ડી.જી.વી.સી.એલ. કચેરી હાંસોટના કર્મચરીઓને સાથે રાખી ૧૩ જેટલા અસામાજીક તત્વોના ઘરે વિજ કનેક્શન ચેક કરતા ૪ ઈસમોના ઘરે ગેર કાયદેસર વિજ જોડાણ મળી આવ્યા હતા જેના પગલે ડી.જી.વી.સી.એલ.દ્વારા તેઓના વિજ કનેક્શન કાપી રૂપીયા ૧.૧૩ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે જેના પગલે અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. અસામાજિક તત્વો સામે થયેલ કાર્યવાહીમાં (૧) અખ્તરઅલી હાસમઅલી અરબ રહે આમોદ તા.હાંસોટ જી.ભરૂચ - દંડ રકમ રૂપીયા ૨૭૬૫૩/- (૨) કૈજાન માજરા ઉર્ફે પુન્ના ગામીત રહે જુનીખારવાડ તા.હાંસોટ જી.ભરૂચ - દંડ રકમ રૂપીયા ૧૩૬૪૯/- ઉપરાંત (૩) બહાદુરસીંગ સુરજીતસીંગ સીકલીગર રહે લલીતસાગત તા.હાંસોટ જી.ભરૂચ - દંડ રકમ રૂપીયા ૬૧૬૧૨/- અને (૪) ખાલીદ ઈકબાલ ગામત રહે રહે લલીતસાગત તા.હાંસોટ જી.ભરૂચ રૂપીયા ૭૬૧૯નો દંડ કરવામાં આવ્યો છે.



# સાઉથ ઝોનમાં રસ્તા રિપેરિંગ, પેચ વર્કની કામગીરી કાર્યરત

સુરત, તા.૨૫

નાગરિકોની સુવિધાને ધ્યાને રાખી મુખ્યમંત્રીશ્રીના આદેશાનુસાર શહેર-જિલ્લાના વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓને પુનઃ યાતાયાત અનુકૂળ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે પાલિકા કમિશનરશ્રી શાલિની અગ્રવાલના માર્ગદર્શન હેઠળ સુરત મનપા દ્વારા શહેરના વેસ્ટ અને સાઉથ ઝોનમાં દિવસ-રાત ક્ષતિગ્રસ્ત રોડ-રસ્તા રિપેરિંગ અને પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં સાઉથઝૉન-બીમાં દૂરદર્શન સર્કલથી સચિન ચોકડી નજીક, સુરત-નવસારી મેઈન રોડ અને સચિન પોલિસ સ્ટેશનની સામે અને ઓર્ગનિક સીગ શોપ, સુરત-નવસારી મેઈન રોડ, સચિન તેમજ સાઉથઈસ્ટ ઝોનમાં લક્ષ્મીનારાયણ સોસાયટી-૧, નવાગામ પાસે રોડ રિપેરિંગ હાથ કરાયું હતું. જ્યારે વેસ્ટઝોનમાં મોઘેશ્વરી કોમ્પ્લેક્ષ, એલ.પી.સવાણી સ્કૂલ પાસે રોડ રીપેર અને પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે.

# સ્મીમેરમાં એન્ડોસ્કોપી દ્વારા ગાયનેક ઓપરેશન સંદર્ભે વર્કશોપ યોજાયો

## ઇગલ વર્ક શોપમાં ૧૦ દર્દીના એન્ડોસ્કોપી ટેકનીકથી સફળ ઓપરેશન

સુરત, તા.૨૫

તારીખ ૨૩ જુલાઈ, બુધવાર ના રોજ સ્મીમેર મેડિકલ કોલેજમાં ગાયનેક વિભાગ માં અભ્યાસ કરતા PG સ્ટુડન્ટ અને તબીબી શિક્ષકો માટે એડવાન્સ ગાયનેક એન્ડોસ્કોપી વિશે Live Operative વર્કશોપ યોજવામાં આવ્યો હતો. ફેડરેશન ઑફ ઓબ્સ્ટેટ્રિક અને ગાયનેક સોસાયટી ઑફ ઇન્ડિયા (FOGSI), ઇન્ડિયન એસોસિએશન ઓફ ગાયનેક એન્ડોસ્કોપી (IAGE) અને ગાયનેક વિભાગ સ્મીમેર ના સંયુક્ત પ્રયત્ન થી સુરત ખાતે ઇગલ વર્કશોપ નું આયોજન કરાયું હતું. જેમાં ૧૦ દર્દીના ગાયનેક એન્ડોસ્કોપી ટેકનીક થી સફળ ઓપરેશન કરવામાં આવ્યા હતા. સ્મીમેર ખાતે ગાયનેક વિભાગ માં અભ્યાસ કરતા ૩૫ વિધાર્થીઓ તથા સરકારી મેડિકલ કોલેજ સુરત ખાતે અભ્યાસ કરતા ૧૫ વિધાર્થીઓ તથા તબીબી શિક્ષકો એ આ વર્કશોપ નો લાભ લીધો હતો. આ વર્કશોપમાં ડો રોહન કૃષ્ણકુમાર (મુંબઈ), ડો રીચા પાલ (બેંગલોર), ડો એજડર્સ, ડો મોહિલ પટેલ (અમદાવાદ), ડો સેજલ નાયક (સુરત) તથા ડો અશ્વિન વાછાણી (સુરત) દ્વારા ગાયનેક એન્ડોસ્કોપી ની અધ્યતન ટેકનીક થી ૧૦ દર્દીઓ ના સફળ ઓપરેશન કર્યા હતા. તમામ ઓપરેશનનું જીવંત પ્રસારણ સેમિનાર રૂમમાં કરવામાં આવ્યું હતું. હાજર રહેલા તમામ PG સ્ટુડન્ટ અને તબીબી શિક્ષકો ને આ વિષય ઉપર તાલીમ આપી હતી. સુરત મહાનગર પાલિકા, સ્મીમેર ના ડીન શ્રી દીપક હોવાલે, સુપ્રિટેન્ડેન્ટ શ્રી જીતેન્દ્ર દર્શન, એનેસ્થેસિયા વિભાગના હેડ ડો

અનુસંધાન પાના ૭ પર



# સુરતની ફીમેલ ફર્સ્ટ હોસ્પિટલ દ્વારા આઈવીએફ ડે પર અનોખો ટેસ્ટ ટ્યુબ બેબી મેળો યોજાયો

## કાર્યક્રમનો ઉદ્દેશ આઈપીએફ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે : ડો. શ્વેતા પટેલ

સુરત, તા.૨૫

દુનિયાભરમાં ૨૫ જુલાઈના રોજ મનાવવામાં આવતું વર્લ્ડ આઈવીએફ ડે ઉજવવા માટે સુરતની ફીમેલ ફર્સ્ટ હોસ્પિટલ દ્વારા એક અનોખું અને ભાવનાત્મક ટેસ્ટ ટ્યુબ બેબી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ સામાન્ય રીતે શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક મેળાઓ અને ભગવાન શિવની ભક્તિ જોવા મળે છે, ત્યાં ફીમેલ ફર્સ્ટ હોસ્પિટલએ આધુનિક વૈજ્ઞાનિક ઉપચાર અને માતા-પિતાપણાની ખુશીની ઉજવણી સાથે એક નવી પહેલ કરી છે. આ પ્રસંગે હોસ્પિટલ દ્વારા આઈવીએફની સફળતા પ્રાપ્ત કરેલા પેરેન્ટ્સ અને બાળકોને આમંત્રિત કરીને એક પારિવારિક અને ઉત્સવભર્યુ વાતાવરણ તૈયાર કરવામાં આવ્યું હતું. બાળકો માટે રમતો અને મોજમસ્તીનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે પેરેન્ટ્સે ખુદની આઈવીએફની મુસાફરી અને માતાપિતા બનવાની ખુશી શેર કરી હતી.

આ પ્રસંગે હોસ્પિટલના આઈવીએફ સ્પેશિયાલિસ્ટ ડૉ. શ્વેતા પટેલએ જણાવ્યું: ‘‘આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે કે આજે પણ ઘણા દંપતિઓ સામાજિક લજ્જા અથવા આઈવીએફ અંગે અણજાણ માહિતીના કારણે સારવાર લેવા માટે આગળ આવતા નથી. મને આનંદ છે કે મારા પેશન્ટસ, જેમણે આઈવીએફથી સંતાનપ્રાપ્તિ કરી છે, તેઓ આજે અહીં હાજર છે અને સમુદાયમાં જાગૃતિ ફેલાવવા સાથે જોડાયા છે.’’ તેમણે વધુમાં ઉમેર્યું ‘‘આજના આધુનિક ટેક્નોલોજી અને છૈંના યુગમાં, કોઈપણ દંપતીને ‘નિસંતાન’ તરીકે ઓળખાવાની જરૂર નથી. માત્ર જરૂર છે વિશ્વાસ, ધૈર્ય અને ખુલ્લા દિલથી આગળ આવવાની.’’આ કાર્યક્રમ ફક્ત એક ઉજવણી નહીં, પણ સમાજમાં જાગૃતિ, સમર્થન અને વિજ્ઞાનની શક્તિથી સપનાને સાકાર કરવાનું સુંદર ઉદાહરણ બનીને બહાર આવ્યું.

# રાંદેર ઝોન દ્વારા ગેરકાયદે છ બોક્ષ ક્રિકેટ સીલ કરાયા

## અનેકવાર નોટીસો ફટકારી છતા બોક્ષ ક્રિકેટના સંચાલકો ગાંઠતા ન હતા

સુરત, તા.૨૫

પશ્ચિમ (રાંદેર) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ (૧) ટી.પી.સ્કીમ નં.૪૪ (જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં.૦૭, અર્બન બોક્ષ ક્રિકેટ, જહાંગીરાબાદ (૨) મોર્જે વણકલા, બ્લોક નં. ૫૩ રાધે બોક્ષ ક્રિકેટ, વણકલા (૩) ટી.પી.સ્કીમ નં.૩૦ (વણકલા-ઓખા-વિહેલ), ફા.પ્લોટ નં. ૨૩ ગ્રીન બોક્ષ ક્રિકેટ, વણકલા (૪) ટી.પી.સ્કીમ નં.૪૪ (જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં.૩૮, વણકલા (૫) ટી.પી.સ્કીમ નં.૪૫



(જહાંગીરપુરા- પીસાદ), ફા.પ્લોટ નં.૧૫ બ્રો બોક્ષ ક્રિકેટ, જહાંગીરપુરા (૬) ટી.પી.સ્કીમ નં.૪૫(જહાંગીરપુરા-પીસાદ), ફા.પ્લોટ નં.૫૮ જયોતિ બોક્ષ ક્રિકેટ, જહાંગીરપુરા વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રીઓએ સુરત મહાનગરપાલિકા ની મંજુરી વિના સ્થળ પર લોખંડના એંગલો ઉભા કરી /ટેમ્પરરી સ્ટ્રકચર/શેડ પ્રકારનું બાંધકામ કરી વપરાશ કરતાં હોવાનું ધ્યાને આવેલ હોય, અત્રેથી વારંવાર નોટીસ આપી સદર બાંધકામનો વપરાશ બંધ કરવા જણાવવામાં આવેલ, તેમ છતાં મિલ્કતદારશ્રીઓ ધ્વારા વપરાશ બંધ ન કરેલ હોય અત્રેથી ધી.જી.પી.એમ.સી એક્ટ ની કલમ-૨૬૮ મુજબ વસવાટ બંધ કરવાની નોટીસ પાઠવી, સદર ઉકત ૦૬(છ) મિલ્કતોને સીલ કરવામાં આવેલ છે. સદર કામગીરી ઝોનના એડિશનલ સીટી ઈજનેરશ્રીના નેતૃત્વ તેમજ કાર્યપાલક

અનુસંધાન પાના ૭ પર

## લિંબાયતથી સૃષ્ટિ પાટિલ ગુમ

સુરત, તા.૨૫

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૨૯, સર્વે નં-૧/૨, સંજયનગર, લિંબાયત, ખાતે રહતા નિલેશ પાટિલના ૧૮ વર્ષીય પુત્રી સૃષ્ટિ પાટિલ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે કાળી ડ્રેસ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ભટારથી જીગર ભોજાણી ગુમ

સુરત, તા.૨૫

ખટોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૦૪, પાશ્ર્વદિપ એપાર્ટમેન્ટ, ઉમાભવનની પાછળ, ભટાર રોડ, ખાતે અશોકકુમાર ભોજાણીના ૩૧ વર્ષીય પુત્ર જીગર ભોજાણી ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૭ ફૂટ છે. તેમણે ક્રીમ શર્ટ અને સફેદ પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ખટોદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઉત્રાણથી સંજના શાહા ગુમ

સુરત, તા.૨૫

ઉત્રાણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૪/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.આઈ/૩૭, પટેલ ટાઉનશીપ, રંગોલી ચોકડી, વેલેંજા ગામ (મૂળ રહે. ગામ- બાડી, રાણાખાં મહોલ્લા, જી-ધોલપુર, રાજસ્થાન), ખાતે રહેતા શમશેર શાહાના ૧૫ વર્ષીય સંજના શાહા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે લાલ ડ્રેસ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લિંબાયતથી શાહિન પઠાણ લાપતા

સુરત, તા.૨૫

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૨૭૧, મારૂતિનગર, લિંબાયત (મૂળ રહે. ગામ-પતીયાર, જિ-કુશીનગર , ઉત્તરપ્રદેશ) ખાતે રહેતા રાહતખાન પઠાણના ૧૭ વર્ષીય પુત્રી શાહિન પઠાણ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે બુરખો પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ડીંડોલીથી દેબોજીત સાહુ ગુમ

સુરત, તા.૨૫

ડીંડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ ઘર નં.૨૪૦, જય જલારામ સોસાયટી, માતૃભૂમિ સ્કુલની બાજુમા, ડીંડોલી), ખાતે રહેતા લક્ષ્મણભાઈ સાહુના ૧૯ વર્ષીય પુત્ર દેબોજીત ઉર્ફે શુભમ સાહુ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૫.૮ ફૂટ છે. તેમણે ડાર્ક ગ્રીન શર્ટ અને સફેદ કાર્ગો પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ડીંડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



ગતરોજ સુરત સર્કિટ હાઉસ ખાતે પૂર્વ મંત્રી ભારત સરકાર તેમજ ધારાસભ્યશ્રી ખેડબ્રહ્મા, હાલ નવનિયુક્ત ગુજરાત વિધાનસભા ના વિરોધપક્ષ ના નેતા શ્રી ડો.તુષારભાઈ ચૌધરી ની શુભેચ્છા મુલાકાત સાથે અભિનંદન પાઠવતા કોળી સમાજ ના આગેવાન શ્રી લક્ષ્મીકાંત પટેલ તસ્વીરમાં નજરે પડે છે.

# ચાંદીના ઘરેણાં પર હોલ માર્કિંગ કરવા સંસદમાં સાંસદ મુકેશ દલાલની માંગ

## ચાંદીના હોલ માર્કીંગથી ગ્રાહકોની વિશ્વનિયતામાં વધારો થશે : સુરતના સાંસદ

સુરત, તા.૨૫

સુરતના સાંસદ શ્રી મુકેશ દલાલે રૂલ ૩૭૭ હેઠળ લોકસભામાં દેશમાં ચાંદીના દાગીનાને હોલમાર્કિંગ કરવામાં નથી આવતું તે સંબંધમાં પ્રશ્ન ઉઠાવીને સરકારનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. સાંસદશ્રી એ તેમની રજૂઆતમાં જણાવ્યું હતું કે સોના અને ચાંદી દેશભરમાં અતિ કિંમતી ધાતુ તરીકે લોકપ્રિય છે, ખાસ કરીને મહિલાઓ માટે ખૂબ લોકપ્રિય છે. સોનાના ભાવ ખૂબ વધી જતા ગ્રાહકોનો ટેસ્ટ ધીમે ધીમે ચાંદી તરફ વળ્યો હતો. ભારતમાં સોનાનું બજાર પ્રસ્થાપિત છે અને વિશ્વસનીય પણ છે કેમકે સોનાને કાયદા અનુસાર હોલમાર્કિંગ કરવામાં આવે છે જેથી ગ્રાહકોને તેમાં છેતરાવવાની સંભાવના ઓછી છે. જેથી થોડા વર્ષો પછી તેઓ જ્યારે તેને ફરી વેચવા જાય ત્યારે તેને તેની કિંમત મળી રહે છે જ્યારે ચાંદીના દાગીનામાં આવું થતું નથી કારણ કે ચાંદીને હોલમાર્કિંગ કરવાનો કોઈ કાયદો નથી અને તેથી તેને હોલમાર્કિંગ કરવામાં આવતું નથી. તેથી ગ્રાહકોને છેતરાવવાની બીક લાગતી હોય છે.

આજે જ્યારે વિશ્વમાં અને દેશમાં ચાંદીની માંગ ઝડપથી વધતી જાય છે અને ચાંદીના ભાવોમાં પણ તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે ત્યારે આ બાબત ચાંદીના બજારને અસર કરે

અનુસંધાન પાના ૭ પર

# સુરત એરપોર્ટના વિકાસ માટે ઈચ્છાશક્તિનો અભાવ : કોંગ્રેસ

## એરપોર્ટના વિકાસમાં વિલંબ એ સરકારની નિષ્ફળતાનો પુરાવોઃ સલીમ ઘડિયાલી

સુરત, તા.૨૫

કોંગ્રેસ પાર્ટીના પ્રવક્તા સલીમ ઘડિયાલીએ સુરત એરપોર્ટના વિકાસમાં થઈ રહેલા વિલંબ અને અવરોધો અંગે ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળ (SUDA) ને આ મુદ્દે સીધા જવાબદાર ગણાવ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, સુરત જેવા ૮૦ લાખની વસ્તી ધરાવતા શહેરનું એરપોર્ટ વિશ્વમાં એકમાત્ર એવું એરપોર્ટ છે, જે યોગ્ય રીતે કાર્યરત નથી અને તેના વિકાસ માટે સરકારની નિયત નબળી જણાય છે.

રનવેની સીધમાં આવતી બિલ્ડિંગો અને FSI ના મુદ્દે સલીમ ઘડિયાલીએ આક્ષેપ કર્યો કે એરપોર્ટના રનવેની સીધમાં આવતી બિલ્ડિંગોનું નિર્માણ થયું ત્યારે સરકાર અને સંબંધિત સત્તાધિકારીઓને આ અંગે પૂર્વ જાણકારી હતી. તેમ છતાં, આ બિલ્ડિંગોને ફ્લોર સ્પેસ

અનુસંધાન પાના ૭ પર

# બાળક પર તમારાં સપનાં ના થોપો



આપણી દીકરી મોટી થઈ ને ધોરણ બાર પાસ થઈ પછી શું કરવું એની મથામણ હતી. દરેક ઘરમાં આવી મથામણ થતી જ રહે છે. દીકરો કે દીકરી એને શું બનાવવા એ મા-બાપ જ નક્કી કરે છે , પણ દીકરો કે દીકરી શું બનવા ઈચ્છે છે એ એમને મોટાભાગે પૂછવામાં આવતું નથી અને એમાંથી જ બધી સમસ્યા પેદા થાય છે. આપણે પણ એમાંથી પસાર થયા છીએ. બીજાં મા- બાપ પણ પસાર થાય છે તો અહીં ચૂક ક્યાં થાય છે?

મને બરાબર યાદ છે કે, એ સમયે સીએ બનવાનો ક્રેઝ ચાલતો હતો. હજુ ય છે. દીકરીની શાળામાં હું ગયેલો અને ત્યાંના શિક્ષકે ઘણા બધા વિદ્યાર્થીઓને એવી સલાહ આપી કે, સીએ થવાય- સીએસ થવાયપ,જે વાત આપણી દીકરીની દિમાગમાં ઘૂસી ગઈ. એણે મને કહ્યું : 'પપ્પા, મારે સીએ થવું છેપ' પછી આપણે ત્રણેયે વાત કરી હતી ને એને કહેલું કે બેટા, સીએ થવામાં મહેનત ઘણી બધી કરવી પડશે. એ માટે તૈયાર છે ને ..? એણે કહેલું કે, હું મહેનત કરીશપ. એણે મહેનત કરી. કલાસીસ પણ જોઈન કર્યા. આઈપીસીસી પહેલું પગથિયું ગણાતું. હવે તો એનું નામ બદલાઈ ગયું છે, પરીક્ષા નજીક આવી.

પરીક્ષા આપ્યા બાદ એને વિશ્વાસ હતો કે, પાસ થઈ જશે. પણ પરિણામ આવ્યું તો એ નાપાસ થયેલી. બહુ રડી હતી એ દિવસે. ત્યારે મેં કહેલું કે, બેટા, કોઈ વાંધો નહિ. હજુ બીજી વાર ચાન્સ લઈએ. તારી તૈયારી હોય તો મને ફી ભરવામાં કોઈ વાંધો નથી. એ અવઢવમાં હતી કે, બીજી વાર પરીક્ષા આપવી કે નહિ? સાંજ સુધી એની આંખો ભીની થતી રહી. અને સાંજે કહે કે, 'પાપા, મારે સીએ નથી થવુંપ' મેં પૂછેલું, તો શું કરવું છે ? એને કહ્યું કે, 'પપ્પા, મારે તો ઈન્ટિરીયર ડિઝાઈનિંગ કરવું છે. મને થયું કે, આ નવું શું આવ્યું? આપણે ત્રણેયે ફરી વાત કરી આખરે નક્કી કર્યું કે, એ ચાહે છે એ જ એને કરવા દઈએ. હું વલ્લભવિદ્યાનગર ભણેલો અને ત્યાં આવી બહુ પ્રતિષ્ઠિત કોલેજ છે એ મને ખબર હતી. ત્યાં સંપર્ક કર્યો તો ખબર પડી કે ત્યાં તો એડમિશનની પ્રોસેસ પૂરી

થઈ ગઈ છેપ મારાથી મોટોભાઈ પણ ત્યાં રહે. એમણે અન્યત્રે પણ તપાસ કરી તો ખબર પડી કે, એ જ વર્ષથી નવી કોલેજ શરૂ થઈ છે. ત્યાં વાત કરી તો એના ડિરેક્ટર સાથે ઓળખાણ નીકળી અને આપણે નક્કી કર્યું કે, બીજા દિવસે વલ્લભવિદ્યાનગર પહોંચીને પહેલા તો કોલેજ જોઈ અને પ્રિન્સિપલને મળ્યા. તું પણ સાથે હતી. દીકરીને પૂછ્યું કે, બોલો શું કરવું છે?

એડમિશન લેવું છે? દીકરીએ હા પાડી એટલે ત્યાં જ બધી પ્રક્રિયા પૂરી કરી. દીકરીને હોસ્ટેલમાં મૂકી, એનો સામાન મુક્યો. મનમાં ઉચાટ તો હતો. તું તો મારા કરતાં વધુ ડિસ્ટર્બ હતી, કારણ કે પહેલીવાર દીકરી ઘરથી દૂર જઈ રહી હતી. મને એ ઉચાટ હતો કે, ગુજરાતી મીડિયમમાં એ ભણી છે અને અહીં તો અંગ્રેજી મીડિયમ છેપ. આપણે બંને હોસ્ટેલમાંથી બહાર નીકળ્યા દીકરીની વિદાય લીધી ત્યારે તારી આંખમાં આંસુ હતા. મેં કહેલું કે, એની સામે રડમાં, નહિ તો એ ય ઢીલી પડી જશે.

પણ મને બરાબર યાદ છે કે આપણી દીકરી મક્કમ હતી. પછી શું થયું એ આપણે જાણીએ છીએ. એ સારા માર્ક સાથે પાસ થયેલી. ચાર વર્ષ ઘરથી દૂર રહી. હા, એને કેટલીક સમસ્યાઓ આવતી. ખાસ કરીને અંગ્રેજી માધ્યમના કારણે. એ મને પૂછતી રહેતી. હું એના પ્રશ્નોના જવાબ ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં એને વળતો મેલ કરતો. એટલે એને બરાબર સમજાય. આ રીતે એ શીખતી ગઈ અને આપણી અપેક્ષા કરતાં એ વધુ સારી રીતે પાસ થઈ. એટલું જ નહિ પાસ થયા બાદ એણે બે ત્રણ જગ્યાએ આર્કિટેક્ટને ત્યાં કામ કર્યું. એણે પોતે પણ એકાદ બે પ્રોજેક્ટ કર્યા.

કહેવાનું એ છે કે, દીકરો હોય કે દીકરી, એની મરજી પૂછી એની કારકિર્દી એને જ નક્કી કરવા દો. ઘણાં મા-બાપ તો પોતાનાં અધૂરાં સપનાં સંતાન પર થોપે છે. બાળકનાં ખભા એ ભાર વહન કરી શકતા નથી ને તૂટી જાય છે. પરીક્ષાના જીવનમાં જ નહિ, જીવનની પરીક્ષામાં પણ એ પછી નાપાસ થાય છે. પાયો ખોટો નખાય તો મકાનનું ચણતર બરાબર ક્યાંથી થાય ?



# પહેલા જ્યાં હતી ત્યાં કચરા પેટી ફરી મુકવાની ખાસ જરૂર છે

સુરતને પહેલો નંબર મળ્યો છે પણ વાસ્તવિકતા અલગ છે. સુરતીઓ પહેલા ત્યાં કચરાપેટી હતી ત્યાં જ કચરો નાખે છે આખા સુરતમાં તમે ગમે ત્યાં ફરો તમને કચરાના ઢગલા જોવા મળશે. ક્યાંક ગાય તમને કચરો ખાતી જોવા મળશે. કચરાપેટી હતી ત્યાં જરા મોટી કચરાપેટી મુકવાની ખાસ જરૂર છે સવારે અને સાંજે એમ દિવસમાં બે વખત કચરાપેટી ખાલી થાય એમ વ્યવસ્થા ગોઠવવાની ખાસ જરૂર છે આમ તો કચરાના ઢગલામાં વરસાદનું પાણી પડતા કચરો વાસ મારે છે રોગચાળો ફેલાવવાનો ભય રહેલો છે

સુરતમાં સમૃદ્ધ ગણાતી શ્રીમત મહાનગર પાલિકા છે. સુરતીઓ વધુમાં વધુ કર ચુકવી ઓછામાં ઓછી સુવિધા મેળવે છે છતાંય ક્યાંય અફસોસ કરતા નથી.

હવે એક પછી એક તહેવારો આવી રહ્યા છે ચોમાસુ ચાલે છે સુરતીઓ ઘરની સાફ સફાઈ કરશે જુની ફોટો ફ્રેમ ગાદલા તૂટેલી ડોલો તૂટેલો પ્લાસ્ટિક સામાન માટલા ઘરવખરી સહિત અસંખ્ય વસ્તુઓ જાહેરમાં રોડ ઉપર નાખશે કેમ કે કચરાપેટી નથી તેથી ના છૂટકે જાહેરમાં રસ્તા પર કચરો નાખવો પડશે હાલત વધારે ખરાબ થશે.દરેક ઠેકાણે જ્યાં પહેલા કચરાપેટી હતી ત્યાં કચરાપેટી મૂકવાની તાતી જરૂરિયાત છે. નહી તો આગામી સમયમાં ચારે બાજુ કચરાના મોટા

મોટો ઢગલા જોવા મળશે કચરા આગળથી પસાર થવું મુશ્કેલ થશે કારણ કે કચરો ચારેબાજુ ફેલાયેલો અને વાસ મારતો હશે . મહાનગર પાલિકા આનો યોગ્ય ઉકેલ લાવે એવી સુરતીઓની માંગ છે.

**અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા**

# નવી ફેશન : એવર ગ્રીન પ્લાઝો



પ્લાઝો એટલે, સ્ટ્રેટ પેન્ટ કે જેનું માપ કમર પાસે જે હોય તે જ નીચે બોટમ સુધી હોય. પ્લાઝો એ માત્ર યન્ગ યુવતીઓની જ પસંદ નથી, પરંતુ બધીજ વયની મહિલાઓની પસંદ છે.

પ્લાઝો પહેરવાની અલગ અલગ સ્ટાઈલ હોય છે સાથે તે જુદા જુદા ફેબ્રિકમાં આવે છે. પ્લાઝો એ એક કેઝ્યુઅલ લૂક પણ આપે અને ફોર્મલ લૂક પણ આપે છે. તમે તમારી બોડી ટાઈપ અને હાઈટ મુજબ પ્લાઝોની પસંદગી કરી શકો.

પ્લાઝો અને કુરતી – જો તમને કુરતીમાં કૈક અલગ લૂક આપવો હોય તો તમે કુરતી સાથે પલાઝો પહેરી શકશો. પ્લાઝો પહેરવાથી એક ટિપિકલ કુરતીને નવો લૂક મળે છે. પ્લાઝો ઘણી ટાઈપના ફેબ્રિકમાં આવે છે જેમકે, હોઝિયરી, લાઇક્રા, સિલ્ક, હોઝિયરી, કોટન વગેરે. પ્લાઝો સાથે કોઈ પણ સ્ટાઈલની કુરતી સારી લાગે છે. જેમકે, શોર્ટ લેન્થ કે પછી લોન્ગ લેન્થ. જો તમારી હાઈટ ખૂબ જ ઓછી હોય તો પ્લાઝો પહેરવાના ટાળવા. જો તમારી હાઈટ સારી હશે તો

પ્લાઝોનો લૂક સારો આવશે. લાંબી યુવતીઓ કોઈ પણ લેન્થની કુરતી પહેરી શકે. લોન્ગ કુરતી સાથે પ્લાઝો એક અલગ જ લૂક આપશે. હોઝિયરી અને કોટન પ્લાઝો સાથે કોટનની જ કુરતી સારી લાગશે. હોઝિયરીના પ્લાઝો એન્કલ લેન્થના પહેરવા, કારણકે હોઝિયરીના પ્લાઝો પહેર્યા પછી તેનું ફેબ્રિક લચી પડે છે. હોઝિયરી સાથે સિન્થેટિક ફેબ્રિકની કુરતી પણ સારી લાગશે.

કોટન પ્લાઝો – કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી બનાવેલા પ્લાઝો એક કેઝ્યુઅલ લૂક આપે છે. આ પ્લાઝો પહેર્યા પછી શરીરથી અળગા રહે છે. કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી બનેલા પ્લાઝો સાથે શોર્ટ ટીશર્ટ અને લોન્ગ ટીશર્ટ પહેરી શકાય. આ પ્લાઝો ઘરમાં અને બહાર એમ બન્ને રીતે પહેરી શકાય. ઘરમાં પહેરવા હોય તો કોટન પ્લાઝો સાથે ટીશર્ટ એક કમ્ફર્ટેબલ લૂક આપશે. કોટન પ્લાઝો પ્લેન ફેબ્રિકમાં પણ આવે છે. મોટાભાગની યુવતી પ્લેન પ્લાઝો ઓફિસ વૅર તરીકે પહેરે છે. ભલે પ્લેન હોય પણ પહેર્યા પછી એક નીટ લૂક આવે છે અને કોટન હોવાથી ગરમી પણ નથી થતી તેથી આખો દિવસ કાઢવો હોય તો આરામથી નીકળી જાય. જે ડ્રેસ મટિરિયલ આવે છે તેની સાથે પણ કોન્ટ્રાસ્ટ પ્લેન પ્લાઝો પહેરી શકાય.

કોટન પ્લાઝોની પ્રિન્ટ સિલેક્ટ કરતી વખતે ખાસ ધ્યાન રાખવું. જેમકે, ક્યારેક ખૂબ જ બોલ્ડ પ્રિન્ટ હોય છે જે પહેર્યા પછી વધારે પડતી આંખમાં આવે છે. જેટલી ડેલિકેટ પ્રિન્ટ હશે તેટલા જ પ્લાઝો સુંદર લાગશે અને એની સાથે કોઈ પણ જાતના ટોપ્સ મિક્સ એન્ડ મેચ કરી શકાશે. જો તમારું શરીર ભરેલું હોય તો ખાસ કરીને સોલિડ કલરના પ્લાઝો પહેરવા અને જો તમારું શરીર સુડોળ હોય તો તમે કોઈ પણ કલરના પ્લાઝો પહેરી શકો.

ડેનિમ પ્લાઝો – જે પ્લાઝો કોટન ડેનિમ ફેબ્રિકમાંથી બન્યા હોય તેને ડેનિમ પ્લાઝો કહેવાય. ડેનિમ કોટન પ્લાઝો એ કોટન ફેબ્રિકમાંથી જ બનેલા હોય છે માત્ર તે દેખાવમાં ડેનિમ જેવા લાગે છે. આ પ્લાઝો સાથે ફ્રેશ કલર્સના ક્રોપ ટોપ ખૂબ જ સ્માર્ટ લૂક આપે છે. અથવા તો ડેનિમ કોટન પ્લાઝો સાથે ઓવર સાઈઝ શર્ટ કે પછી વાઈટ લખનવી કુરતી પણ પહેરી શકાય. ડેનિમ કોટન પ્લાઝો સાથે કોઈ પણ જાતના ટોપ્સનું મિક્સ એન્ડ મેચ કરી શકાય. ડેનિમ કોટન પ્લાઝો સાથે ડેનિમના શર્ટ કે કુરતી પણ પહેરી શકાય. ડેનિમ કોટન પ્લાઝોમાં યોકવાળા, ઈલાસ્ટિકવાળા, બટનવાળા એમ ઘણી વેરાઈટી આવે છે. તમારા બોડી ટાઈપને અનુસાર તમે પ્લાઝોની પેટર્ન પસંદ કરી શકો. જો તમારો કમર અને પેટનો ભાગ વધારે હોય તો પ્લાઝો સાથે શોર્ટ ટોપ્સ ન પહેરવા.સુડોળ યુવતી પર જ પ્લાઝો સાથે શોર્ટ ટોપ્સ સારા લાગશે.

પ્લાઝો સાથે પગમાં સ્પોર્ટ્સ શૂઝ પણ પહેરી શકાય અને હાઈ હિલ્સ પણ પહેરી શકાય. જેમકે, બ્લેક કલરના લિનન પ્લાઝો સાથે બેજ કલરનું ફોર્મલ શર્ટ અને પગમાં હાઈ હિલ્સ એક ફોર્મલ લૂક આપી શકે. પ્લાઝો સાથે ક્રોસ બેગ, ટોટ બેગ કે પછી ક્લચ પણ લઈ શકાય.પ્લાઝો પર કોઈ પણ જાતની હેર સ્ટાઈલ સારી લાગી શકે જેમકે, સોફ્ટ કલર્સ કે પછી સ્ટ્રેટ હેર, કે પછી મેસી બન જ કેમ ન હોય. તેથી જ પ્લાઝોને એવર ગ્રીન કહેવાય કે કોઈ પણ ઋતુમાં કે કોઈ પણ ઈવેન્ટમાં પ્લાઝો પહેરી શકાય.

**કોટન પ્લાઝો – કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી બનાવેલા પ્લાઝો એક કેઝ્યુઅલ લૂક આપે છે. આ પ્લાઝો પહેર્યા પછી શરીરથી અળગા રહે છે. કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી બનેલા પ્લાઝો સાથે શોર્ટ ટીશર્ટ અને લોન્ગ ટીશર્ટ પહેરી શકાય. આ પ્લાઝો ઘરમાં અને બહાર એમ બન્ને રીતે પહેરી શકાય. ઘરમાં પહેરવા હોય તો કોટન પ્લાઝો સાથે ટીશર્ટ એક કમ્ફર્ટેબલ લૂક આપશે.**

# જીવના જોખમવાળી સુંદરતા શા કામની?



શેફાલી જરીવાલાનું માત્ર ૪૨ વર્ષે નિધન થતાં આખું બોલિવૂડ હચમચી ગયું છે. સૌથી વધારે તો એ વાતે ગભરાહટ ફેલાવી છે કે, કાટાં લગા નામના ગીતથી મશહૂર થયેલી અદાકારા શેફાલી જરીવાલા કોઈ ગંભીર બીમારીથી મૃત્યુ નથી પામી, પરંતુ એવું માનવામાં આવે છે કે, તે પોતાની ઉંમર કરતાં નાની દેખાવા માટે પાછલાં પાંચ-છ વર્ષોથી ગ્લૂટાથિયોન નામની દવા લઈ રહી હતી, જે એક એંટી એજિંગ ટ્રીટમેન્ટનો એક ભાગ છે.

તે જ કારણે તેને જબરદસ્ત હાર્ટ અટેક આવ્યો અને તેનું નિધન થયું. પહેલેથી જ આટલી સુંદર લાગતી શેફાલી ખૂબસૂરતીનાં કયાં શિખરો હાસિલ કરવા માગતી હતી, જેની કિંમત તેણે પોતાની જાન ગુમાવીને આપી.

સાચી વાત તો એ છે કે, માત્ર બોલિવૂડ જ નહી પરંતુ હોલિવૂડમાં પણ અનેક ફિલ્મી કલાકાર પોતાની ખૂબસૂરતી વધારવા માટે ઘણા પ્રકારના જોખમ લે છે જેને કારણે ઘણાએ પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. ફિલ્મી દુનિયા, મોડેલિંગ કે પછી પેજ થ્રીની પાર્ટી કેમ ન હોય આ બધાં જ કલાકારોને આ ચમકતી દુનિયામાં સૌથી વધારે સુંદર લાગવું હોય છે.

કેમેરા સામે તેઓ સો ટકા પરફેક્ટ લાગવા માગે છે. આના માટે તેઓ જિમ અને કસરત કરી જરૂરતથી વધારે થાકી જાય છે. ઘણીવાર સ્લિમ, ફિટ અને તરોતાજા દેખાવા માટે એસ્ટેરાઈડ અને ડાઈટ ડ્રગનો ઉપયોગ કરે છે અને ઘણીવાર તો ખૂબ જ દર્દભરી કોસ્મેટિક સર્જરીનો પણ સહારો લે છે.

સાલ ૨૦૨૩માં મિસ યૂનિવર્સ અને બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેનને ફિટનેસના ક્રેઝને કારણે જબરદસ્ત હાર્ટઅટેક આવ્યો હતો. હકીકતમાં તે પોતાની વધતી ઉંમરને ઢાંકી ગ્લેમરની દુનિયામાં હંમેશાં મિસ યૂનિવર્સ જ લાગવા માગતી હતી તેથી જ દિવસ રાત ફિટનેસ માટે વધારે ને વધારે સમય આપતી હતી. જેની કિંમત આખરે તેણે એક હાર્ટએટેક સાથે ચુકવી. આવી જ રીતે સાલ ૨૦૨૨માં હરિયાણાની લોકપ્રિય અભિનેત્રી અને નેતા સોનાલી ફોગાટનું મૃત્યુ અચાનક હાર્ટએટેકથી થયું હતું. પછીથી બહાર આવ્યું કે, તે બોડી ટોનિંગનો ઉપયોગ કરી રહી હતી.

સોનાલી ફોગાટે એક પાર્ટીમાં નશીલા ડ્રગનો ઉપયોગ કર્યો હતો. સોનાલી સોશિયલ મીડિયા અને ફિલ્મી દુનિયાના એ દબાણનો સામનો કરી રહી હતી જેને યંગ અને ગ્લેમરસ દેખાવા માટે હંમેશાં પ્રેશરમાં રહેવું પડતું હતું, પરંતુ આ વાત માત્ર હિંદુસ્તાન અને બોલિવૂડ સુધી જ સીમિત નથી. આ રોગ અને દબાવ પશ્ચિમની દુનિયામાં પણ છે. સાલ ૨૦૦૮માં હોલિવૂડ એકટર હીથ લેજરને 'દ ડાર્ક નાઈટ'માં જોકરનો જે જબરદસ્ત અભિનય કર્યો હતો, તેણે પૂરી દુનિયામાં પોતાના ચાહકોનું દિલ જીતી લીધું હતું. પરંતુ આ રોલના ઊંડાણમાં ઊતરવા માટે તેઓ માનસિક રૂપે ખૂબ જ થાકી ગયા હતા. જેને કારણે તેમને હંમેશાં ઊંઘની દવા તેમજ એંટી-ડિપ્રેશનનો સહારો લેવો પડતો હતો. આ કારણોસર તેઓનું ઓવરડોઝ લેવાના કારણે મૃત્યુ થયું હતું.

દોઢ દાયકા પહેલા દુનિયાના સૌથી મોટા સેલિબ્રિટી અને બ્રેક ડાન્સરનો બાદશાહ માઈકલ જેકસન પોતાની ત્વચાને ગોરી બનાવવાના ચક્કરમાં એટલા વધારે પ્રમાણમાં દવાનો ઉપયોગ કર્યો કે અચાનક એક દિવસે તેમનું મૃત્યુ થઈ ગયું. જ્યારે ૭૦ના દાયકાના અમેરિકાના પોપ સિંગર કરેન કારપેંટર પણ પાતળા લાગવા માટે ગાંડપણમાં એનોરેક્સિયા નેર્વોસાનો શિકાર થઈ ગઈ હતી.

ફ્રાંસની અભિનેત્રી જેલોના બ્લોંટ પણ પોતાના ચેહરાને જવાન દેખાડવા માટે એટલી વાર બુટોક્સ સર્જરી કરાવી હતી કે એક વખત એવો આવ્યો કે તેનો આખો ચહેરો બગડી ગયો. આ સદમાને તે સહી ના શકી અને તેણે આત્મહત્યા કરી લીધી. આ વાત પરથી એ ખ્યાલ આવે કે, દુનિયામાં સુંદરતાની કેટલી કિંમત ચુકવવી પડે છે.

ટીવી શો બાલિકા વધૂની ખૂબસૂરત અભિનેત્રી પ્રત્યૂષા બેનર્જી તો તમને યાદ જ હશે. એણે માત્ર ૨૪ વર્ષની ઉંમરમાં આત્મહત્યા કરી હતી કારણકે, તે સોશિયલ મીડિયા ટ્રોલિંગ અને કેરિયર પ્રેશરથી કંટાળી ગઈ હતી. તેનો સબંધ પણ માઠો થઈ ગયો હતો. ગ્લેમર ઈંડસ્ટ્રીમાં ટકી રહેવા માટે તેના પર હંમેશાં સારા લાગવાનો અને પાતળા લાગવાનો દબાવ રહેતો હતો. આ બધું જ તે સહન ન કરી શકી અને તેણે આત્મહત્યા કરી.

કલકત્તાની ઈંસ્ટાગ્રામ મોડલ રિયા ઘોષનું મૃત્યુ કિડની ફેલ થવાથી થયું હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટથી ખબર પડી કે, તે પાતળા લાગવા માટે લાંબા સમયથી એસ્ટેરાઈડ અને ડ્રગ લઈ રહી હતી. તેની પર સોશિયલ મીડિયામાં આકર્ષક બોડી રાખવા માટે દબાણ કરવામાં આવતું. તેના સિવાય તે આટલી મશહૂર બ્રાંડની એમ્બેસેડર કઈ રીતે બની શકે. આ બધાં જ ઉદાહરણો પરથી એ સાબિત થાય છે કે, કઈ રીતે ખૂબસૂરતીનો ભાર ગ્લેમર ઈંડસ્ટ્રીમાં સેલિબ્રિટી અને ફિલ્મી કલાકારને ખાઈ જાય છે.

**દોઢ દાયકા પહેલા દુનિયાના સૌથી મોટા સેલિબ્રિટી અને બ્રેક ડાન્સરનો બાદશાહ માઈકલ જેકસન પોતાની ત્વચાને ગોરી બનાવવાના ચક્કરમાં એટલા વધારે પ્રમાણમાં દવાનો ઉપયોગ કર્યો કે અચાનક એક દિવસે તેમનું મૃત્યુ થઈ ગયું.**

## તંત્રી લેખ...-

શુક્રવાર, તા.૨૫ જુલાઈ ૨૦૨૫

# સોમવારે સંસદની ચર્ચામાં વિપક્ષ દેશહિત જાળવે

આખરે ઓપરેશન સિંદૂર અને તેને સંલગ્ન મુદ્દા પર સંસદમાં સોમવારે ચર્ચા થશે. પહેલગામ હુમલો અને તે પછી ઓપરેશન સિંદૂરની સાથે તેના યુદ્ધવિરામમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના મધ્યસ્થીના દાવા પર સરકારની સામે સંસદમાં મોરચો ખોલવા વિપક્ષ થનગની રહ્યો છે. સંસદમાં કોઈ પણ મુદ્દે ચર્ચા કરવાનો વિપક્ષનો અધિકાર છે, પણ આ અધિકારના ઓઠા તળે દેશહિતના મુદ્દાની ગુપ્તતા જોખમાય અથવા દેશનાં સત્તાવાર વલણને ખોટું ઠેરવે એવી કોઈ પણ ચર્ચા વિપક્ષ ટાળે તે રાષ્ટ્ર માટે ઈચ્છનીય છે. સૌ સમજે છે કે, કોઈ પણ દેશ અન્ય દેશમાં પોતાની લશ્કરી કાર્યવાહી અંગે બહુ મર્યાદિત જાણકારી જાહેર કરી શકે છે. લગભગ તમામ દેશમાં જવાબદાર સરકાર અને વિપક્ષ રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપીને લશ્કર અને સલામતીને સંકળાયેલા મુદ્દા પર સંયમ સાથે જાહેર ચર્ચા કરે છે, પણ ભારતમાં અમુક વિરોધપક્ષો અને તેમના નેતાઓ પોતાના સંકીર્ણ રાજકીય ફાયદા અને સ્વાર્થ માટે સંસદમાં કોઈ પણ સવાલ કરતા કે બોલતા ટાંપીને બેઠા હોય છે. તાજેતરનાં વર્ષોમાં આ વૃત્તિ ભારે વધી ગઈ છે. સંસદમાં સૌથી વધુ ઉશ્કેરાટ કોંગ્રેસ પક્ષની પાટલીઓ પરથી દેખાવા લાગ્યે છે. આવામાં ઓપરેશન સિંદૂરના સમયે અને તે પછી વિરોધપક્ષના અને તેમાં પણ ખાસ તો કોંગ્રેસના નેતાઓએ પાયા વગરના આરોપો ઊભા કરીને સવાલ કર્યા તે હજી લોકોના માનસપટલ પર અંકિત છે. આ પરિસ્થિતિથી ભારતના કટ્ટર દુશ્મન પાકિસ્તાન અને ચીનને ભારે પસંદ પડી રહી છે. ઉલ્લેખનીય છે કે, ભારતના આ વિપક્ષી નેતાઓના વિધાનો પાકિસ્તાન અને ચીને પોતાનાં વલણે ખરું બતાવવા આબાદ ઉપયોગ કર્યાના સંખ્યાબંધ પ્રસંગ સામે આવી ચૂક્યા છે અને હવે તો પાકિસ્તાનને પંપાળી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પ પણ એ ભાષા બોલવા માંડયા છે. તાજેતરમાં તેમણે પાંચ યુદ્ધવિમાન તૂટ્યાની વાત કરી હતી. તેમણે ભારતનો નામોલ્લેખ ભલે નહોતો કર્યો પણ એ ઉચ્ચારણોએ પાક છાવણીને જરૂર ખુશ કરી હશે. આ વખતે સંસદના બન્ને ગૃહમાં કલાકોની ચર્ચા દરમ્યાન પર વિપક્ષી નેતઓ ગૃહની બહારના ગેરવાજબી સવાલો અને સંશયોનો પુનરોચ્ચાર કરશે તો તે ખરા અર્થમાં દેશની માટે મોટી કમનસીબી ગણાશે, તેની સાથોસાથ સંસદના કિંમતી સમયનો વ્યય ગણાશે. માહિતી મેળવવાના સાંસદ તરીકેના અધિકાર અને દેશની સલામતી સાથે ચેડાંનાં નામે વિપક્ષ સંસદની ચર્ચામાં સરકારને ભીડવવાની કોઈ પણ તક જતી કરશે નહીં. સરકાર પાસેથી જવાબ મેળવવા કરતાં વિપક્ષી નેતાઓએ ધમાલ કરીને દેશનું ધ્યાન પોતાની તરફ ખેંચવાનો રાજકીય એજન્ડા વિશેષ રહેશે. સંસદમાં આ નેતાઓનાં વલણ પરથી સ્પષ્ટ રીતે જણાય છે કે, તેમને તેમના મુદ્દા કરતાં ધમાલમાં વધુ રસ હોઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગૃહમાં ઉપસ્થિત રહેવાના છે અને તેઓ ચર્ચામાં ભાગ લે એવી સંભાવના છે. મંગળવારે રાજ્યસભામાં ચર્ચા થશે. આમ સોમવારે ઓપરેશન સિંદૂરને સંબંધિત મુદ્દા પર સંસદ ચર્ચા કરે ત્યારે તમામ સભ્યો સંસદીય અને દેશહિતની મર્યાદાને અનુસરવામાં આવે તેવી તે અનિવાર્યપણે જરૂરી છે, પણ સોમવારે સંસદ સમરાંગણ બની રહેશે એવા અમંગળ અઁધાણ નકારી શકાય તેમ નથી.

# ભારતનો દૃઢ નિર્ધાર

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નોબેલ શાંતિ પુરસ્કાર માટે થનગની રહ્યા છે. આ માટે તેઓ રશિયા અને યુક્રેન વચ્ચે સંઘર્ષનો અંત આણવા મથી રહ્યા છે, પણ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન જંગનો અંત આણવાનો ઈરાદો ધરાવતા ન હોવાની છાપ દિવસોદિવસ મજબૂત બની રહી છે. આવામાં રશિયા ઉપર આર્થિક દબાણ વધે એવાં પગલાં અમેરિકા અને યુરોપના દેશો લઈ રહ્યા છે. આવાં પગલાં રશિયાની સાથોસાથ તેની સાથે વેપાર-વ્યવહાર કરતા દેશો સામે લેવાની ધમકીઓ અપાઈ રહી છે. ટ્રમ્પ પોતાનાં હિતમાં આર્થિક પ્રતિબંધો અને વેરા લાદવાનાં પગલાંનો બેફામ ઉપયોગ કરવામાં ખચકાતા નથી. હવે તેમને રશિયા અને યુક્રેન વચ્ચેના જંગને રોકવા આવાં પગલાં લેવાની ધમકી આપવી શરૂ કરી છે. આ સંદર્ભમાં નાટો સંગઠનના મહામંત્રી માર્ક રૂટે થોડા દિવસ અગાઉ ભારત, ચીન અને બ્રાઝિલને ચેતવણી આપી છે કે, તેઓ રશિયા સાથે વેપાર ચાલુ રાખશે તો તેમના પર પ્રતિબંધ લદાઈ શકે છે. ટ્રમ્પે પણ એમ કહ્યંઅ હતું કે, રશિયા પાસેથી સામાનની ખરીદી કરનારા દેશો પર એક સો ટકા જેટલા વેરા લદાઈ શકે છે. સ્પષ્ટ છે કે, અમેરિકા પોતાની ઈચ્છા મુજબ વિશ્વનાં અર્થતંત્રને સંચાલિત કરીને તેનો રશિયા સામે ઉપયોગ કરવા માગે છે. ટ્રમ્પે રાષ્ટ્રપ્રમુખ બન્યા પછી પોતાની ઈચ્છા પ્રમાણે દુનિયાની નીતિ ઘડવાના મનોરથ સેવ્યા છે, પણ ભારત જેવા મજબૂત ચરિત્રવાળા રાષ્ટ્ર અને દુનિયાની મોટી બજાર ધરાવતાં વિરાટ અર્થતંત્ર પાસે તેની દાળ ગળે એમ નથી. સ્વાભાવિક રીતે ભારતે આવાં વલણ સામે આકરી પ્રતિક્રિયા આપી છે. ભારતે કહ્યંઅ છે કે, રશિયા પાસેથી ઈંધણની ખરીદી રાષ્ટ્રીય હિત અને બજારનાં વલણ પર આધારિત છે. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૨માં રશિયાનાં તેલ પર પ્રતિબંધ લદાયા ત્યારે અમેરિકા અને યુરોપિયન સંઘને આશા હતી કે, આ નિયંત્રણથી રશિયાનાં અર્થતંત્ર પર નકારાત્મક અસર પડશે, જેનાથી યુક્રેન સાથેના જંગનો અંત આણવા માટે ફરજ પાડી શકાશે. ભારતનાં અર્થતંત્રના વિકાસના વેગને જાળવી રાખવા માટે પોષાય તેવા ઈંધણના વિકલ્પ હોવા અનિવાર્ય છે. ભારત પોતાની જરૂરત અને આર્થિક ફાયદા મુજબ પોતાના નિર્ણય લેવાનો અધિકાર ધરાવે છે. નાટો દેશ કે પછી અમેરિકાના પ્રતિબંધોનાં દબાણને વશ ન થવાનો સ્પષ્ટ સંદેશ ભારતે વિશ્વને આપી દીધો છે.

**આવાં પગલાં રશિયાની સાથોસાથ તેની સાથે વેપાર-વ્યવહાર કરતા દેશો સામે લેવાની ધમકીઓ અપાઈ રહી છે. ટ્રમ્પ પોતાનાં હિતમાં આર્થિક પ્રતિબંધો અને વેરા લાદવાનાં પગલાંનો બેફામ ઉપયોગ કરવામાં ખચકાતા નથી.**

### આ શ્રાવણે સંસારી શિવને ભજીએ

# સબ શૂન્ય મેં મિલ જાયેગા,શિવ નામ બસ રહ જાયેગા

## ઈષ્ટદેવ હાટકેશ્વર પણ ભગવાન શંકરનું જ એક સ્વરૂપ હોવાથી નાનપણથી જ ઘરમાં મહાદેવનાં પૂજા પાઠ થાય !

ફાલ્ગુની વસાવડા.

**હે દેવાધિદેવ મહાદેવ.**

સૌનાં હૃદયમાં કરુણા રુપે રહેલા આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હિન્દુઓમાં તેત્રીસ કરોડ દેવી દેવતાઓની વાત છે, પણ શંકરની વાત જ નિરાળી છે, અને એટલે જ બધાં શ્રાવણની આતુરતા પૂર્વક રાહ જોતાં હોય છે. શિવાલયોમાં ઓમ નમઃ શિવાય અને અને બમબમ ભોલે નાં નાદ કરતાં ભક્તો જોવાં મળશે! મંદિરો હિન્દુ સંસ્કૃતિની આગવી ઓળખ છે, પણ રખેને એને જ સંસ્કૃતિ કે ભક્તિ સમજવાની ભૂલ કરતાં નહીં, ભક્તિ નું પરિપ્રેક્ષ્ય સાવ જુદું જ છે, જેમાં સાધન ગૌણ છે અને ભાવ સર્વોપરી. બીજું મંદિર જવું દૂધનો અભિષેક કરવો, એવી સ્પર્ધા કે દેખાદેખી તો બિલકુલ નહીં, ક્રિયા કે દ્રવ્ય આ બધું સહજ હોય તો જ શંકર સ્વીકારશે, બાકી લાખો લિટર દૂધ માત્રનો વ્યય થશે! અને હાં ખાસ બિલ્વ પત્ર પણ માપમાં, ચોમાસામાં આમ પણ સૂર્ય બહુ ઓછો નીકળે છે, પર્ણ ને રસોડું કહેવાતું હોવાથી, જેટલા વધુ બિલ્વ પત્ર તોડીએ એટલી પ્રકાશ સંશ્લેષણની ક્રિયા થતી નથી, અને એની વૃદ્ધિ અટકી જાય છે, અને પાન તોડી નાખવાથી નવો ઓક્સિજન પણ મળે નહીં. એટલે એમ પણ સમજતાં નહીં કે બેન આવું કરવાની ના પાડે છે! પણ ભક્તિને નામે શેમાંય અતિરેક બિલકુલ નહીં, અને દંભ દેખાડો કે પરંપરાને નામે આગ્રહ નહીં! બાકી રુદ્રાષ્ટક કે શિવ મહિમ્નનાં શ્લોકો સાથે અભિષેકનો મહિમા જ કંઈક ઔર છે, અને આપણે લીંગ રૂપે સાક્ષાત શંકરનો અભિષેક કરીએ છીએ, એ અનૂભૂતિ પણ અત્યંત આલ્હાદક! કારણકે ભક્તિની કે સાક્ષાત્કારની તીવ્ર અનુભૂતિ બહુ ઓછાં સાધનો કે ઓછી સાધનાથી શંકર જ આપી શકે! અને એટલે જ એને ભોળો નાથ કહેવાયો છે. તો આપણે પણ આ શ્રાવણીય અનુષ્ઠાનમાં શિવશંકરનાં જુદી જુદી રીતે ગુણગાન ગાઈશું, અને તત્વતઃ શંકરનાં સ્વરૂપને આત્મસાત કરી કરુણામય બનીશું.

હમણાં અંકિતા દાસ ના સ્વરમાં શુભમ શર્મા લિખિત એક શિવ ભજન સાંભળ્યું, જે મૂળમાં હંસરાજ રઘુવંશી એ ગાયું છે. ગાયક ગમે તે હોય પણ એ આપણને શિવ શંકરનાં સાચા સ્વરૂપની નજીક લઈ જાય છે, અને સદગૃહસ્થની એક સુંદર પ્રતિમા નિર્મિત કરી શકે એમ છે.

**શિવ શંકરા શ્રી મહેશ્વરા,**
**શશિ શેખરા શ્રી જટા ધરા.**

**કુછ છોડને સે કુછ મિલે,**
**પર કુછ ન કુછ રહ જાયેગા,**
**મિટ્ટી મેં સબ મિલ જાયેગા.**
**સબ શૂન્ય મેં મિલ જાયેગા,**
**શિવ નામ બસ રહ જાયેગા.**
**શિવ સત્ય હૈં સંસાર હૈં,**
**શિવ રુપ હૈં શ્રૃંગાર હૈં**
**શિવ ગીત હૈં શિવ રાગ હૈં,**
**ગૃહસ્થ શિવ વૈરાગ હૈં,**
**જબ જો મિલે સ્વીકાર હૈં,**
**શિવ શાંતિ સુખ સત્કાર હૈં,**
**ભટકે રે મન કહાં જબ શિવ યહાં**
**સબ કુછ તૂટ જાને દો.**

સાવ સીધાસાદા શબ્દોમાં લખાયેલ આ ભજન બહુ મોટી વાત કરે છે. શિવ શંકર શ્રી મહેશ્વર જે શશિ શેખર અને જટાધર પણ છે. સંસારનો નિયમ છે કે કંઈક છોડવાથી જ કંઈક મળે! પણ તોય સંસારી ને મળેલું હંમેશા અધુરું લાગે! અને આમ બધું મેળવવાની લ્હાયમાં અંતે બધું મિટ્ટી માં મળી જાય છે. બધું જ જ્યારે શૂન્યમાં મળી જાય કે ભળી જાય ત્યારે આપણને આપણી ભૂલ સમજાય છે, અથવા પસ્તાવો થાય છે! અને ત્યારે શિવ શંકર નામ જ આપણો એક માત્ર સહારો હોય છે! એટલે કે શંકર એ અવિનાશી નામ આગળ બધું જ ગૌણ અથવા શૂન્ય છે, એ સત્ય સમજાય છે! અને પછી શંકર નામ પ્રત્યે આપણો ભરોસો દ્રઢ બને છે! અને સમજાય છે કે શિવ જ સત્ય છે, શિવ જ મારો સંસાર છે. ભક્ત માટે પોતાનું આંતર બાહ્ય રુપ શિવ છે, અને શિવ જ શ્રૃંગાર છે. ગઈકાલે સંસાર અસાર લાગતાં જે રસ નું ઝરણું શુષ્ક થઈ ગયું હતું, એ શિવત્વ નાં પ્રભાવે સૂરીલુ ગીત બની ગયું, એટલે કે રોમરોમમાં ભક્તિની કે શિવત્વની મસ્તી છવાઈ ગઈ! અને આમ પોતાની મસ્તીમાં રત રહેતાં શિવ સંસારી હોવા છતાં રુખડ જેમ વૈરાગી પણ છે. વૈરાગી ને તો જ્યારે જે મળે એનો સ્વીકાર અને સત્કાર જ હોય! પછી ભલે નરસિંહ જેમ દુઃખ મળે કે મીરાં જેમ ઝેર મળે! એની શાંતિ વિચલિત થતી નથી. માટે શંકર અહીં છે, પછી હે જીવ તારું મન જે અહીંતહીં ભટકે છે, એને તું છોડી દે, ભલે સબ કુછ એટલે કે બધું જ તૂટી જાય! એટલે અહીં સંસારી સંબંધોના તાણાવાણા તૂટી જતાં હોય તો પણ, તેને છોડવાની વાત છે. ભજનમાં હજી આગળ પણ આવાં જ આપણને એકદમ નજીક પડે એવાં ભાવ છે, અને બાબા કેદાર શિવ જ આપણને સંભાળી શકે એમ છે!

આમ તો નાગર ગૃહસ્થનાં ઈષ્ટદેવ હાટકેશ્વર પણ ભગવાન શંકરનું જ એક સ્વરૂપ હોવાથી નાનપણથી જ ઘરમાં મહાદેવનાં પૂજા પાઠ થાય ! અને માત્ર શ્રાવણમાં જ નહીં પણ, મમ્મી પપ્પા બંનેની નિત્ય ઉપાસના શિવથી જ શરૂ થતી, મમ્મી તો એનાં સૂરીલા કંઠે ભજન પણ ગાતી, અને વાતાવરણ ભક્તિમય બની જતું. એટલી ભણેલી નહોતી પણ બધાં પાઠ કંઠસ્થ હતાં. ક્યારેક અમે કોઈ ભાઈ બહેન નાપાસ થઈએ કે બિમારી આવે, તો ભીડ ભંજન મહાદેવ સદાય સૌની રક્ષા કરનારાં છે, ભોળાંનો ભગવાન છે, દૂધ પાણી થી રીઝે! કઠિન સમયે એવાં નાનાં નાનાં વાક્યો મમ્મી બોલે, અને અનુભવે ધીરેધીરે એની પર ભરોસો દ્રઢ થતો ગયો. સોળ સોમવાર ભાખરિયા સોમવારનાં વ્રત ઉપવાસ પણ કર્યા, ઠીક છે એ બધું! પણ કળિયુગમાં જો કોઈ શ્રેષ્ઠ વ્રત હોય તો એ નામ સ્મરણ જ છે, પણ જે કર્યું તે પૂર્ણ આસ્થાથી કર્યું.અને તેથી જ શંકર એટલે જ કલ્યાણ, એ ભાવે શંકરે હૃદયમાં સ્થાન અંકિત કર્યું. પછી તો કલમ પકડી અને શાસ્ત્રોક્ત સ્તુતિ કે પૌરાણિક કથા મુજબ કેટલુંય લખ્યું! પણ શંકરનાં એ બધાં જ સ્વરૂપ થોડા દૂર પડે છે, અને કૈલાસ નું શિખર બહુ ઉંચુ, તો સ્મશાને શિવ ભયભીત કરે, અને રુદ્રીની વાત કરીએ તો ક્યારેક વિકરાળ સ્વરૂપ પણ છે. એટલે જ નરસિંહની જેમ સ્વીકારી લઈએ કે આપણે રહ્યાં પૂર્ણ ભોગી, એટલે એમ કંઈ સંસાર છોડી સંન્યાસી થઈ શકાશે નહીં! અને એટલે ભક્તિ માટે શંકરનું આ સંસારી સ્વરૂપ આપણને એકદમ અનૂકૂળ આવશે.

શ્રાવણે શંકર પૃથ્વી પર આવે છે, અને એટલે શિવાલય જ જાણે શિવરૂપ હોય એમ ભાસે છે, અને ભક્તો તેમજ બ્રાહ્મણો દ્વારા ગુંજતો શિવ નાદ જીવ માત્રને અભિભૂત કરનાર છે, પણ એ શ્રાવણનાં સરવડા જેમ ક્ષણિક હોય છે, એટલે આપણે ભક્તિની પરાકાષ્ઠાએ પહોંચી શકતાં નથી. બસ આ શ્રાવણે એટલે જ શિવત્વને આત્મસાત કરવા માટે એનાં સરળ સૌમ્ય સંસારી સ્વરૂપને પૂર્ણ પણે અનુસરીએ.ૐ નમઃ શિવાય.

### સૌથી પહેલાં માતાપિતાએ પોતાની વિચારસરણી બદલવી જોઇએ

# અમદાવાદની મેટ્રો ટ્રેન, સસ્તો ને આરામદાયક પ્રવાસ

- અમદાવાદ અત્યારે ટ્રાફિક સમસ્યાથી તરબતર છે, બસ, રેલવે, રિક્ષા, મોટર, સ્કૂટર આમ તેમ દોડાદોડ કરે છે, એવામાં ટ્રાફિકને કંટ્રોલ કરવા સરકારે અમદાવાદ મેટ્રો ચલાવવાનો નિર્ણય લીધો.

ભારતમાં રેલવે ટ્રેનનો ઈતિહાસ ખૂબ જ રોચક છે, પ્રથમ સ્ટીમ એન્જિન જે કોલસાથી ચાલતી ટ્રેન તે નેરો ગેજથી શરૂઆત થઈ. પછી મીટરગેજ અને અત્યારે બ્રોડગેજ ચાલે છે. આમ સ્ટીમ એન્જિનનો યુગ ખૂબ લાંબો ચાલ્યો પછી ડીઝલ એન્જિનનો યુગ આવતા છુકછુક એન્જિને વિદાય લીધી ને ઝડપી યુગનાં એંધાણ દેખાવા લાગ્યા. ડીઝલ એન્જિન બાદ ઈલેક્ટ્રિક એન્જિન આવ્યા, તેમાં ઝડપી ટ્રેનો બનવા લાગી. આજે જે બુલેટ ટ્રેન જાપાનમાં ચાલે છે તે પણ અમદાવાદથી મુંબઈ વચ્ચે થોડા વર્ષમાં જોવા મળશે. આજે આપણે ગુજરાતનું પાટનગર ગાંધીનગર, અમદાવાદ વચ્ચે ચાલતી મેટ્રો ટ્રેન વિશે જાણીશું.

અમદાવાદ અત્યારે ટ્રાફિક સમસ્યાથી તરબતર છે, બસ, રેલવે, રિક્ષા, મોટર, સ્કૂટર આમ તેમ દોડાદોડ કરે છે, એવામાં ટ્રાફિકને કંટ્રોલ કરવા સરકારે અમદાવાદ મેટ્રો ચલાવવાનો નિર્ણય લીધો. તેમાં ખૂબ જ ખર્ચ હોવા છતાં મેટ્રો ટ્રેન ચાલુ કરી. મેટ્રો રેલવે સિમેન્ટનાં પિલર ઉપર ને આર.સી.સી.થી ખાસી ઊંચાઈએ સ્ટેશન બનાવ્યા એટલે મેટ્રો ચાલે ત્યારે ટ્રેક કે સ્ટેશન પર કોઈ ફાલતુ વ્યક્તિ આવી જ ના શકે. તેવી કડક વ્યવસ્થા કરીને લાંબા ત્રણ ડબ્બા ફૂલી એ. સી. ને અત્યાધુનિક સિસ્ટમ.ને આ ટ્રેનમાં બેસવા માટે સ્ટીલના બાંકડા નાના રાખેલ છે. વચ્ચે સ્પેસ વધારે હોવાથી વધુ પેસેન્જર ઉભા રહી શકે તે માટે ઘણા હેન્ડલ રાખેલ છે અને સ્ટેશન આવે ત્યારે બે દરવાજા પહેલો સ્ટેશનનો દરવાજો ખુલે તેની સાથે ટ્રેનનો દરવાજો ખુલે ટ્રેન ચાલુ થતા જ બધા દરવાજા બંધ થાય પછી જ ટ્રેન ચાલુ થાય. સ્પીડલી મેટ્રો ટ્રેનમાં ટૂંકા અંતરનાં ઘણા સ્ટેશન છે. જેથી તમામ વિસ્તારને લાભ મળે મેટ્રો ટ્રેનની ખાસ વિશેષતા તે છે કે ઓન્લી ૧૦ રૂપિયાથી ૨૦ રૂપિયામાં. અમદાવાદથી ગાંધીનગર જઈ શકો તેમ જ દરેક રેલવે સ્ટેશન પર કડક ચેકીંગ, જવા કે આવવા માટે ટિકિટ ફરજીયાત હોવી જરૂરી સ્કેનિંગ થાય તો જ દરવાજો ખુલે ને તમે અંદર, બહાર નીકળી શકો.



જી હા, અને દર પાંચ, સાત મિનિટે ટ્રેન મળે. ચડવા-ઉતરવા માટે ઈલેક્ટ્રિક સીડી, લિફ્ટની સુવિધા છે. આમ ૧૦ કે ૨૦ રૂપિયામાં અમદાવાદનાં આ છેડાથી બીજા છેડે જઈ શકો એવી સુવિધા મેટ્રો ટ્રેન આપે છે.

અમદાવાદ મેટ્રો એ ભારતના ગુજરાત રાજ્યના અમદાવાદ, ગાંધીનગર અને ગિફ્ટ સિટી શહેરો માટે એક ઝડપી પરિવહન વ્યવસ્થા છે. હાલમાં નેટવર્ક ૫૮.૮૭ કિમી. (૩૬.૫૮૦ માઈલ) લાંબું છે અને તેમાં ૪૭ કાર્યરત સ્ટેશનો છે. લાંબા નોર્થ-સાઉથ કોરિડોરમાં ૧૫ સ્ટેશન છે. સાબરમતી, એઈસી, સાબરમતી રેલવે સ્ટેશન, રાણીપ, વાડજ, વિજયનગર, ઉસ્માનપુરા, ઓલ્ડ હાઈકોર્ટ, ગાંધીગ્રામ, પાલડી, શ્રેયાંશ ક્રોસિંગ, રાજીવનગર અને જીવરાજ સ્ટેશન રહેશે.લાઇન ૧- બ્લુ લાઇન (પૂર્વ-પશ્ર્ચિમ લાઇન): થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ અમદાવાદ મેટ્રોની બ્લુ લાઇન, ૨૦.૭૮ કિમી.થી વધુ લંબાઈમાં ફેલાયેલી છે, જેમાં ૧૭ મેટ્રો સ્ટેશન કાર્યરત છે.ગુજરાતમાં મેટ્રોના વિકાસ માટે એક સરકારી પહેલ કરવામાં આવી હતી, આમ ગુજરાતમાં મેટ્રો રેલના બાંધકામની દેખરેખ રાખવા માટે ય્સ્ઇઝની રચના કરવામાં આવી હતી.

ફેઝ-૨ માટે ટેન્ડરિંગ જાન્યુઆરી ૨૦૨૦માં શરૂ થયું હતું. ૧૮ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ, ફેઝ-૨નો શિલાન્યાસ પ્રધાનમંત્રી મોદી દ્વારા કરવામાં આવ્યો હતો. ફેઝ-૨ નો ટ્રાયલ રન ફેબ્રુઆરી ૨૦૨૪ માં મ્દ્રેં અને ધોળાકૂવા સર્કલ સ્ટેશનો વચ્ચે શરૂ થયો હતો. ગાંધીનગરના સેક્ટર-૧ સ્ટેશનને રેડ લાઈન અને બ્રાન્ચ વાયોલેટ લાઇન સાથે જોડતી યલો લાઇન અને આઠ સ્ટેશનોનું ઉદ્ઘાટન ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. યલો લાઇન પરના સાત નવા સ્ટેશનો ૨૭ એપ્રિલ ૨૦૨૫ ના રોજ જાહેર જનતા માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. ૨૦૦૩ માં, ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડે ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે શહેરી પરિવહન માટે અભ્યાસ હાથ ધર્યો. તેણે દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન અને ૈંઈજી દ્વારા વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ પણ હાથ ધર્યો અને જૂન ૨૦૦૫માં તેને સબમિટ કર્યો અને તે જ વર્ષે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવી. ૪,૨૯૫ કરોડ ના અંદાજિત ખર્ચ અને પ્રોજેક્ટની કાર્યક્ષમતાના અભ્યાસ પછી, ૨૦૦૫માં અમદાવાદ મ્ઇ્જી અને ઉપનગરીય રેલ્વે પ્રોજેક્ટ્સને પ્રાથમિકતા આપવા માટે તેને છોડી દેવામાં આવ્યો. ૨૦૦૮ માં, અમદાવાદ અને ગાંધીનગર અને તેની આસપાસના ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખીને, પ્રોજેક્ટને પુનર્જીવિત કરવામાં આવ્યો અને પ્રોજેક્ટને વ્યવહારુ બનાવવા માટે નવા કોરિડોર ડિઝાઇન કરવામાં આવેલ. સ્પેશિયલ પર્પઝ વ્હિકલ કંપની, મેટ્રો લિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ કંપની લિમિટેડ, જેને પાછળથી ૨૦૧૮માં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (ય્સ્ઇઝ) નામ આપવામાં આવ્યું, તેની સ્થાપના ગુજરાત સરકારે ૪ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ ૨૦૨ કરોડ સાથે કરી હતી. પાછળથી ૨૦૧૪ માં, એવું નક્કી કરવામાં આવ્યું કે કેન્દ્ર સરકાર કંપનીમાં ૫૦% હિસ્સો ધરાવશે. આવી ગુજરાતની મેટ્રોમાં આરામ દાયક મુસાફરી કરવા માટે એક વાર મેટ્રો ટ્રેનમાં બેસજો તો મોજ આવી જશે.

### કેટલીક ફિલ્મોના પાત્રો જ દોસ્તીની મિસાલ બની ગયા છે.

# હમ ના રહે કભી યારોં કે બિન...

## જ્યારે મિત્રોની પસંદગી આપણા હાથમાં છે. રાજાને રંક સાથે પણ મૈત્રીનો સંબંધ હોય. કૃષ્ણ-સુદામાની મૈત્રીથી મોટું કયું ઉદાહરણ આપી શકો?

ઓગસ્ટ મહિનાના પહેલા રવિવારે ફ્રેન્ડશિપ ડે ઉજવાય છે. જોકે આપણા દેશની સંસ્કૃતિમાં આવો કોઈ દિવસ ઉજવવાનો આવતો નથી. હા, રક્ષાબંધન ઉજવાય છે. રક્ષાબંધનની રાખડીમાં જે પવિત્ર ભાવ છે તે કદાચ ફ્રેન્ડશિપ બેલ્ટમાં ન પણ હોય, છતાં યુવાનો અને યુવતીઓ ઉત્સુકતાથી આ દિવસની રાહ જોઈ રહ્યા છે. ર્પ્રૌ ન્ગ્ર્ણૂ ક્ન્ર્ચૈંખ્? એક એવી અભિવ્યક્તિ છે જે ફ્રેન્ડશિપ બેલ્ટ પૂરતી સીમિત નથી હોતી.રક્ષાબંધનમાં બહેન ભાઈને રાખડી બાંધી છે ત્યારે તેમાં લોહીની સગાઈ હોય છે. જોકે આજકાલ માનેલા ભાઈ અને માનેલી બહેનો બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા છે. જ્યારે કોઈ સંબંધને નામ આપવા મુશ્કેલ બની જાય ત્યારે ઘણીવાર આ પ્રકારના સંબંધો ઊભા થતા હોય છે. ઘણીવાર લોહીની સગાઈ કરતાં પણ બળવત્તર આવા સંબંધો જળવાતા હોય છે. માનેલો ભાઈ કે માનેલી બહેન સગા ભાઈ-બહેન કરતાં પણ વિશેષ બની સંબંધોની પવિત્રતા જાળવતા હોય છે. ઈતિહાસમાં પણ આવા ભાઈ-બહેનોના સંબંધોની ગરિમા જોવા મળી છે. રા'નવઘણ અને તેની માનેલી બહેન જાહલ, હુમાયુ અને રાણી કર્માવતી અને આવા અનેક પાત્રોથી ઈતિહાસ મહેંકે છે.આજે લોહીની નહી પણ પ્રેમની સગાઈ વધુ ચડિયાતી જોવા મળી રહી છે. દોસ્ત સાથેની સગાઈ એ પ્રેમની સગાઈ છે. કોઈકને દોસ્તી વિશે લખવાનું કહેવાયું તો તેણે લખ્યું કે- દોસ્તી લખવાનો કે વાંચવાનો વિષય નથી, પરંતુ અનુભવવાનો અને જીવવાનો વિષય છે. દોસ્ત એટલે દોસ્ત, એની કોઈ વ્યાખ્યા ન હોઈ શકે. લોહીના સંબંધોમાં પસંદગીનો અવકાશ નથી હોતો. જ્યારે મિત્રોની પસંદગી આપણા હાથમાં છે. રાજાને રંક સાથે પણ મૈત્રીનો સંબંધ હોય. કૃષ્ણ-સુદામાની મૈત્રીથી મોટું કયું ઉદાહરણ આપી શકો? મૈત્રીનો સંબંધ સદાકાળ રહેતો એવો સંબંધ છે જેમાં ઉંમરનો બાધ કદીયે નડતો નથી. મૈત્રી એટલે દિલનો સંબંધ. મૈત્રી અને પ્રેમ ઘણા અંશે મળતી આવતી લાગણી છે. જેમ પ્રેમ કરાતો નથી, થઈ જતો હોય છે તેમ દોસ્તી પણ કરાતી નથી, થઈ જતી હોય છે.ભારત અને વિદેશની સંસ્કૃતિ ભિન્ન છે. પશ્ચિમી સંસ્કૃતિ અસ્તિત્વવાદી છે, કોઈને કોઈ માનવીય સંબંધો સાથે દિવસોની ઉજવણી સંકળાયેલી હોય છે. ત્યાં મધર્સ ડે, ફાધર્સ ડે, ફ્રેન્ડશિપ ડે એવા દિવસો ઉજવાય છે. આપણી સંસ્કૃતિના પાયામાં જ માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ, અતિથિ દેવો ભવઃ સંમિલિત છે. કોઈ વિદેશી ચિંતકે એકવાર પૂછેલું કે ભારતમાં મૈત્રી માટેનો કોઈ તહેવાર કેમ નથી? અમે તો ઓગસ્ટના પહેલા રવિવારને ફ્રેન્ડશિપ ડે તરીકે ઉજવીએ છીએ. ત્યારે ભારતીય સંસ્કૃતિના ચાહકે સરસ જવાબ આપ્યો કે અમારે દોસ્તી એ એક દિવસની ઉજવણી નથી, અમારે ત્યાં મૈત્રીનો સંબંધ એક દિવસનો નહિ, પણ એક આયખાનો છે. મિત્ર મળે તે દિવસ ફ્રેન્ડશિપ ડે, દોસ્તીને વ્યક્ત કરવા માટે કોઈ ખાસ દિવસની જરૂર નથી. દોસ્તી તો હર ક્ષણે ધબકતી જ રહે છે.મિત્ર એટલે એવી વ્યક્તિ જે કોઈ કારણ વગર આપણને ગમતી રહે છે. અહીં પણ જેન્ડર બાયસ ન હોવો જોઈએ! સ્ત્રીમિત્ર પણ હોઈ શકે અને પુરુષમિત્ર પણ હોઈ શકે. પરંતુ આપણા સમાજમાં વિજાતિય પાત્રો વચ્ચેની નિર્દોષ મૈત્રીને પણ શંકાની નજરે જોવામાં આવે છે. આથી પછી આપણે ધર્મનો ભાઈ અને ધર્મની બહેન એવા સમાજમાન્ય સંબંધોમા જોડાતા હોઈએ છીએ. સખી કે સખા હોવું એ અદ્ભૂત સંબંધ છે. કૃષ્ણનો દ્રૌપદી સાથે સખ્યભાવનો સંબંધ હતો. દ્રૌપદીને બહેન બનાવવાનો દંભ કૃષ્ણે કર્યો નથી. દ્રૌપદીને સખી તરીકે સખ્યભાવથી ચાહતા કૃષ્ણ મૈત્રી કે સખા ભાવના નવા સ્વરૂપનાં દર્શન કરાવે છે. આજે ૨૧મી સદીમાં પણ વિજાતીય પાત્રો સાથેની મૈત્રી સમાજ સ્વીકારતો નથી તો વિચારો, કૃષ્ણ કેટલા એડવાન્સ હશે!ક્યારેક દોસ્તી પ્રેમમાં પણ પરિણમે છે. કેમ કે દોસ્તીમાં કંઈક એવું હોય છે કે જે સમજાતું નથી. દોસ્તી કી હૈ તો નિભાની તો પડેગી ટાઈપના ફિલ્મી ડાયલોગ યાદ આવે. હિન્દી ફિલ્મોમાં દોસ્તીના સંબંધને સારી રીતે દિગ્દર્શકોએ ચિત્રિત કર્યો છે. કેટલીક ફિલ્મોના પાત્રો જ દોસ્તીની મિસાલ બની ગયા છે. શોલેના જય-વીરૂ તરત યાદ આવે અને યાદ આવે યે દોસ્તી હમ નહીં તોડેંગે ગીત! દોસ્તી નામની જૂની ફિલ્મ જેના ગીત બહુ જ લોકપ્રિય બન્યા હતા એ પણ યાદ આવે. દિલ ચાહતા હૈ હમ ના રહે કભી યારોં કે બિન ગીત યાદ આવે જેમાં મિત્રો વચ્ચેની ઊભી થયેલી ગેરસમજ અને પછી થતો પસ્તાવો સારી રીતે પિક્ચરાઈઝ કરેલો છે.મિત્ર શા માટે ગમે છે? તેવો પ્રશ્ન પૂછીએ તો કદાચ એવો જ જવાબ મળે કે બસ ગમે છે, કોઈ કારણ નથી! દોસ્તી દિલનો એવો ગૂઢ ભાવ છે જેનું આપણે વર્ણન નથી કરી શકતા. માણસમાં સમજદારી વિકસે ત્યારથી દોસ્તીની શરૂઆત થાય છે. ચોક્કસ કયા સમયે માણસ દોસ્તી બાંધે છે, એવું નક્કી નથી થઈ શકતું. ગુજરાતીમાં સરસ પંક્તિઓ છે કે શેરી મિત્રો સો મળે, તાલી મિત્રો અનેક, જેને દુઃખમાં પામીએ તે લાખોમાં એક. આ પંક્તિઓને આધુનિક યુગમાં થયેલા મૈત્રી અંગેના સંશોધનો દ્વારા પણ ટેકો મળેલો છે. સંશોધનોમાં પૂરવાર થયું છે કે દોસ્તીને વારંવાર કસોટીની એરણમાંથી પસાર થવું પડે છે, જેમાં જિંદગીભર નિભાવી શકાય તેવી દોસ્તી તો આંગળીના વેઢે ગણાય તેટલી જ હોછે. કોઈએ સરસ કહ્યું છે કે જે 'ફીલ' કરે છે એ મિત્ર સાથે જ 'મહેફિલ' કરી શકાય!જેની પાસે ખુલી શકાય અને ખીલી શકાય, જેના ખભે માથું મૂકીને નિરાંતે રડી શકાય એ જ સાચો મિત્ર. આજના જમાનામાં ફ્રેન્ડશિપ ત્રણ પ્રકારની રહી છે - સક્રિય, સુષુપ્ત અને સૌજન્યપૂર્ણ! સક્રિય એટલે રોજેરોજનો સંપર્ક થતો હોય, સાંજ પડે ને મિત્ર ન ળે તો આકુળવ્યાકુળ થઈ જવાય. એકબીજાના સપોર્ટ અને ઈન્વોલ્વમેન્ટવાળી મૈત્રી એટલે સક્રિય મૈત્રી. સુષુપ્ત એટલે રોજેરોજ ન મળે પણ જ્યારે મળે ત્યારે બોન્ડિંગ અનુભવી શકાય. સૌજન્યપૂર્ણ એટલે આદર-સન્માન પૂરતી ઉપરછલ્લી મિત્રતા. આવી મિત્રતામાં ઉત્કટ લાગણી ન હોય, પરંતુ ભૂતકાળમાં જે-તે વ્યક્તિ સાથે સરસ સંબંધ રહ્યો હોય તેની સુગંધ હોય.





# મારું મારા ઘરમાં જ શોષણ થાય છે, મને ઘરમાં ત્રાસ અપાય છે

## તનુશ્રી દત્તા વીડિયોમા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી

નાના પાટેકર પર 'મી ટુ' ના આરોપો માટે અગાઉ ઘણી ચર્ચામાં રહેલી એક્ટ્રેસ તનુશ્રી દત્તા ફ્રી એક વાર આવા જ કોઈ મુદ્દે ચર્ચામાં છે. પોતાના સોશિયલ મીડિયા પર એક ધ્રુસકે ને ધ્રુસકે રડતો વિડિઓ શેર કરીને બધાને ચોંકાવી દીધા છે. તેણે તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા આ વિડિઓમાં ખુલાસો કર્યો હતો કે તેને પોતાનાં જ ઘરમાં ત્રાસ આપવામાં આવી રહ્યો છે.

તેણે કહ્યું કે તેના પર વર્ષોથી ત્રાસ ગુજારવામાં આવી રહ્યો છે, હવે પરિસ્થિતિ એટલી હદ સુધી વણસી ગઈ છે કે તેણે મંગળવારે પોલીસ ફરિયાદ કરવી પડી છે. આ વીડિયોમાં તેણે લોકો પાસે મદદ પણ માગી છે.

તનુશ્રીએ મંગળવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર લાઈવ વિડીયો કરીને કહ્યું, "દોસ્તો, મારા પોતાનાં ઘરમાં મારું શોષણ કરવામાં આવે છે. મને મારા પોતાનાં જ ઘરમાં હેરાન કરવામાં આવે છે. મેં પોલીસ બોલાવી અને મને પોલીસ સ્ટેશન જઈને યોગ્ય ફરીયાદ નોંધાવવા કહેવાયું છે. હું કદાચ કાલે જઈશ અને એવું કરીશ, આજે મને સારું નથી. મને છેલ્લા ચાર પાંચ વર્ષમાં એટલી હેરાન કરવામાં આવી છે કે મારી તબિયત ખરાબ થઈ ગઈ છે. હું કંઈ જ કરી શકતી નથી, મારું ઘર પણ અસ્ત વ્યસ્ત છે. "

આગળ તનુશ્રીએ જણાવ્યું,"હું ઘરમાં કામવાળી પણ રાખી શકતી નથી કારણ કે એમણે મારા ઘરમાં એમની માનિતી કામવાળી ગોઠવી હતી. મને કામવાળાનો એટલો ખરાબ અનુભવ થયો છે કે એ લોકો ગમે ત્યારે ઘરમાં આવતાં, વસ્તુઓ ચોરી લેતાં અને ઘણું બધું. મારે મારું બધું કામ જાતે કરવું પડે છે અને એ લોકો મારા બારણા બહાર આવીને.. " પછી તે કોઈની ઓળખ જાહેર કરવા ન માગતી હોય એમ વચ્ચે જ અટકી ગઈ. તેણે છેલ્લે એટલું જ કહ્યું,"મને મારા ઘરમાં જ ત્રાસ આપવામાં આવી રહ્યો છે, કોઈ મહેરબાની કરીને મને મદદ કરો. "આ વીડિયો પોસ્ટ કરતાં કેપ્શનમાં લખાયું હતું," હું બીમાર છું અને આ ત્રાસથી કંટાળી ગઈ છું. ૨૦૧૮માં મી ટુથી આ બધું ચાલે છે. આજે ગળે આવીને અંતે મેં પોલીસ બોલાવી. કોઈ મહેરબાની કરીને મને મદદ કરો. બહુ મોડું થઈ જાય એ પહેલાં કંઈક કરો. "

તનુશ્રી દત્તાએ ૨૦૧૮માં નાના પાટેકર વિરુદ્ધ શોષણની ફરીયાદ કરી હતી, ફિલ્મ હોર્ન ઓકે પ્લીઝના શૂટિંગ વખતે તેની સાથે શોષણ થયાનો દાવો હતો. તેણે સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ અસોસિએશનમાં પણ આ અંગે ફરિયાદ કરી હતી. આ ઉપરાંત તેણે ચોકલેટ ફિલ્મ વખતે ઈરફાન ખાનની હાજરીમાં ફિલ્મ ડિરેક્ટર વિવેક અગ્નિહોત્રીએ તેને કપડાં કાઢીને ડાન્સ કરવાનું કહ્યું હોવાની પણ ફરિયાદ કરી હતી. જોકે નાના પાટેકર અને વિવેક અગ્નિહોત્રીએ આ દાવા નકારી કાઢ્યા હતા.






# અભિમન્યુ દાસાની ગલવાનની ઘટના પર આધારીત ફિલ્મમાં સિપાય ગુરતેજ સિંઘનો રોલ કરશે

## સલમાનની ફિલ્મ, રાહોલ રોયની 'એલએસી –બેટલ ઓફ ગલવાન' હવે ત્રીજી ફિલ્મ બનશે

ભારતીય સૈન્ય અને ચીનની સેના વચ્ચે ૨૦૨૦માં થયેલી લડાઈને દુનિયાનું એક માત્ર કોઈ ગોળીઓ વિના ખેલાયેલું યુદ્ધ માનવામાં આવે છે. આ ઘટના પર અપુર્વ લાખિયા સલમાન ખાનને લીડ રોલમાં લઈને 'બેટલ ઓફ ગલવાન' ફિલ્મ બનાવે છે. ત્યારે હવે આ જ યુદ્ધ પર વધુ એક ફિલ્મ બનવાની જાહેરાત થઈ છે. જેમાં બિઝનેસમેન હિમાલય દાસાની અને ભાગ્યશ્રીનો દિકરો અભિમન્યુ દાસાની લીડ રોલમાં જોવા મળશે. તેણે આ પહેલાં ૨૦૨૧માં મિનાક્ષી સુંદરેશ્વરમાં કામ કર્યું હતું. હવે તે આ ફિલ્મમાં એક સૈનિકના રોલમાં જોવા મળશે.

સલમાન ખાનની ફિલ્મ ઉપરાંત આ યુદ્ધ પર યુટ્યુબ પર પણ એક ડોક્યુમેન્ટ્રી જોવા મળે છે, રાહુલ રોય દ્વારા બનેલી 'એલએસી: બેટલ ઓફ ગલવાન' પણ ઉપલબ્ધ છે. ત્યારે અભિમન્યુની ફિલ્મ આ જ વિષય પર બનતી ત્રીજી ફિલ્મ હશે.

આ ફિલ્મના પાત્ર વિશે વાત કરતા હિમાલય દાસાનીએ જણાવ્યું, "આ સિપાહી ગુરતેજ સિંઘના જીવન પર આધારીત ફિલ્મ છે. મને તેમની વાત સ્પર્શી ગઈ હતી. તેથી મેં તેમના પંજાબના ગામ મનસા જઈને તેમના પરિવારનો સંપર્ક કર્યો અને તેમની બાયોપિક બનાવવા માટે તેમના પરિવારની મંજુરી પણ લીધી."

આ ફિલ્મની વાર્તામાં તેમના જીવનના ત્રણ તબક્કા દર્શાવાશે, તેમના જીવનની શરૂઆતના વર્ષ, ૧૫ જૂન, ૨૦૨૦ની રાત્રે ગુરતેજ સિંઘ અને કર્નલ બિક્કુમલ્લા સંતોષ બાબુ સહિતના ૨૦ સૈનિકો પૂર્વ લદ્દાખમાં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ નજીક હાથોહાથની લડાઈમાં શહીદ થયા હતા. આ ઘટનાને પગલે ચીનના ઉગ્ર વલણ વિરુદ્ધ ભારત સરકારે કેટલાક વ્યુહાત્મક પગલાં પણ લીધાં હતાં. હિમાલયના જણાવ્યા પ્રમાણે હાલ તેમની બે ટીમ દિલ્હી અને ચંદીગઢમાં ફિલ્મ માટે વધુ રીસર્ચ કરી રહી છે. તેમણે જણાવ્યું, "અમે ઘણા મંત્રાલયો સાથે, ભારતીય સેના, વિદેશ મંત્રાલય અને અન્ય સરકારી ખાતાઓ સાથે મુલાકાત કરી રહ્યા છીએ, જેથી અમે ચોક્સાઈપૂર્વક કામ કરી શકીએ. આ રાત્રે વિદેશ મંત્રાલય અને રક્ષા મંત્રાલયે શું પગલાં લીધાં એ પણ દર્શાવાશે. એ રાત્રે આપણા સૈનિકો થિજાવી દેતી ઠંડીમાં હથિયાર વિના છૂટા હાથે લડ્યા હતા."

૨૦૨૬ની શરૂઆતમાં લદ્દાખમાં આ ફિલ્મનું કામ શરૂ કરવાનું આયોજન છે. હાલ હિમાલય આ ફિલ્મ માટે ડિરેક્ટર્સની શોધમાં છે. જ્યારે સલમાનની ફિલ્મ અંગે હિમાલયે કહ્યું, "આ ભારત-પાકિસ્તાન યુદ્ધ જેવું છે –દરેક યુદ્ધમાં અનેક વાર્તઓ અને દ્દષ્ટિકોણ મળી આવે છે. સલમાન કર્નલ સંતોષ બાબુનો રોલ કરે છે, એ સારી વાત છે. પરંતુ આ વાર્તઓમાં એકથી વધુ ફિલ્મ બનાવવાની શક્યતાઓ રહેલી છે."




# રિતિક રોશન, શાહરુખ ખાન અને કંગના પોતાનાં રોલ માટે ઘોડેસવારી શીખ્યા

**હિન્દી સિનેમામાં જ્યારે ઐતિહાસિક ફિલ્મ અને મોટા પાયા પર બનતી એક્શન ફિલ્મની વાત કરવામાં આવે ત્યારે તે શક્ય તેટલી વધુ વાસ્તવિક લાગે તે સૌથી મહત્વનું હોય છે. આપણે આ પ્રકારની ફિલ્મોમાં પડદા પર જે દશ્યો જોઇએ છીએ, તેમાં કોઈ ખેલ હોય, તલવારબાજી હોય કે પછી યુદ્ધના દશ્યો હોય કે પછી સૌથી અઘરી એવી ઘોડેસવારી હોય, પડદા પર જોઈને તો આ ઘણું સહેલું લાગે છે. પરંતુ આવી કોઈ કુશળતા પડદા પર વાસ્તવિક લાગે તે માટે ઘણી પ્રેક્ટિસ અને મહેનતની જરૂર પડે છે. રિતિક રોશનથી લઇને શાહરુખ ખાન હોય કે કંગના રણૌત સહીતનાં કલાકારોએ આ માટે ઘોડેસવારી શીખવી પડી છે.**

### હિતિક રોશન

બાદશાહ અકબર તરીકે કામ કરવા માટે રિતિક રોશન ઘોડેસવારીમાં નિષ્ણાત બની ગયો હતો. એક યોદ્ધા બાદશાહ તરીકે તેણે ઘોડેસવારી પર ગજબ નિયંત્રણ મેળવી લીધું હતું. આ ફિલ્મમાં શાહી અંદાજ અને યુદ્ધના દશ્યો વાસ્તવિક લાગે તે હેતુથી તેણે સઘન તાલીમ લીધી હતી. તેની ઘોડેસવારીની અદાએ ફિલ્મના વૈભવી સ્તરમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. આ ફિલ્મમાં તેનું પ્રદર્શન ફિઝિકલી અને ઈમોશનલી બંને રીતે વખણાયું હતું.

### કંગના રણૌત

રાણી લક્ષ્મીબાઈનો રોલ પડદા પર બિલકુલ અસલ લાગે તે માટે પોતાની ઘોડેસવારી માટે જાણીતાં એવાં યોદ્ધા રાણી લક્ષ્મીબાઈના રોલ માટે કંગના ઘોડેસવારી શીખી હતી. તેણે ઘોડાની પીઠ પર બેસીને કરેલા સ્ટંટ પણ જાતે કર્યા હતા, જેમાં યુદ્ધ, તલવારબાજી જેવા દશ્યો પણ હતાં. તેના લડાકુ અભિગમ અને ઘોડાસવારીની કુશળતાથી ફિલ્મમાં નારીશક્તિ અને દેશભક્તિ વધુ ખીલી ઉઠી હતી.

### રણવીર સિંહ

શક્તિશાળી મરાઠા યોદ્ધા બાજીરાવના રોલ માટે રનવીર સિંહએ ઘોડેસવારીનાં અઘરાં કૌશલ્યમાં સખત તાલીમ લીધી હતી. તેણે ઘોડેસવારી સાથે યુદ્ધના સીન કરવાના હતા, સાથે ઘોડા પર બેસીને યુદ્ધ પણ લડવાનું હતું. તેના માટે તે ઘોડાની પીઠ પર સહજ દેખાય અને તેના અભિનયમાં ચોક્સાઈ દેખાય તે જરૂરી હતું. આ ઉપરાંત તેણે પદ્માવતમાં

અલ્લાઉદ્દિન ખીલજીના રોલ માટે પણ ઘોડેસવારી કરી હતી, જેમાં તે વાસ્તવિક અને પ્રભાવશાળી દેખાયો હતો.

### આમિર ખાન

આમિર ખાને ઘોડેસવારી કઈ રીતે કરી તેની વાત તેણે તાજેતરમાં વિવિધ ઈન્ટરવ્યુમાં કરી છે, તેણે કેટલી વાર દરિયાકિનારે પડી ગયા બાદ સની દેઓલના ઘોડા ગોલ્ડી પર બેસીને ઘોડેસવારી શીખી હતી. ત્યાર બાદ ફિલ્મ મંગલ પાંડે માટે ૧૯મી સદીના સૈનિકના રોલ માટે પણ તેણે ઘોડેસવારીની તૈયારી કરી હતી. આ ઉપરાંત તેણે લાલ સિંહ ચઢ્ઢામાં પણ ઘોડેસવારી કરી હતી. આમિર પોતાના પાત્રની તૈયારીમાં ચોકસાઈ માટે જાણીતો છે, તેથી ઘોડા પર તે સહજ લાગે તે માટે તેણે ઘણી મહેનત કરી છે.

### સંજય દત્ત

સંજય દત્તે તો 'ખલનાયક'થી લઈને 'પાનીપત' સુધી ઘણી વખત ઘોડેસવારી કરી હતી. છેલ્લે આ ફિલ્મમાં તેણે અહેમદ શાહ અબદાલીનો રોલ કર્યો હતો, તેમાં તે ઘોડેસવારી કરતો દેખાયો હતો. તેણે આ અફઘઆની હુમલાખોરના રોલ માટે ખાસ તાલીમ લીધી હતી. ઘોડેસવારી પરની તેની કુશળતા અને નિયંત્રણથી તેનું પાત્ર વધુ અસરકારક લાગતું હતું.

### શાહિદ કપૂર

એક ઉમદા રાજા મહારાવલ રતન સિંહના પાત્રમાં શાહિદ કપૂર એક વાસ્તવિક રાજા દેખાય તે માટે તેણે ઘોડેસવારી શીખી હતી. શાહિદ કપૂરે એ રીતે ઘોડો દોડાવ્યો હતો કે તે બિલકુલ સાચો ઘોડેસવાર દેખાતો હતો. તેણે ઘોડા પર ઉભા રહીને ઘોડેસવારી કરવાની અને સાથે યુદ્ધ કરવાની પણ તૈયારી કરી હતી. ઘોડા પર બેસીને યુદ્ધ લડતી વખતે પણ તેના ચહેરા પ એક રાજા અને યોદ્ધાની અદા જોવા મળતી હતી.

# કાજોલ અને ટ્વિંકલ નવા શોનું સંચાલન કરશે

## શોનું નામ હશે - 'ટુ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ'

એક્ટ્રેસ કાજોલ અને ટ્વિંકલ એક નવો શો શરૂ કરવા જઈ રહ્યા છે, જેનું નામ 'ટુ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ' આપવામાં આવ્યું છે. આ મંગળવારે ઈન્સ્ટાગ્રામ પર પ્રાઈમ વીડિયો દ્વારા આ અંગે જાહેરાત કરવામાં આવી છે. આ શો બાનીજે એશિયા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવ્યો છે, જેમાં બોલિવૂડના સેલેબ્રિટી ગેસ્ટ તરીકે હાજર રહેશે.આ પોસ્ટમાં કાજોલ અને ટ્વિંકલની એક તસવીર શેર કરવામાં આવી હતી, જેમાં બંનેના ચહેરા પર આશ્ચર્ય દેખાય છે. તેની સાથે લખાયેલી કેપ્શનમાં લખાયું છે,"એમને ચા મળી ગઈ છે અને આમાં ગુમાવવાનું ઘણું છે." આ પોસ્ટ જોતાં જ લોકો ખુશ થઈ ગયાં છે.આ એક બોલ્ડ, બ્રિલિયન્ટ અને બિન્દાસ્ત શો હશે, જેઓ વિવિધ મુદ્દે ખુલીને ચર્ચાઓ કરતાં દેખાશે, આ બંને એક્ટ્રેસની કોઈ પણ વાત કટાક્ષ



સાથે પણ સ્પષ્ટ રીતે કરવાની આદતથી જ ઘણા ફેન્સ ઉત્સુક છે. આ શોની રિલીઝ ડેટ અને મહેમાનોન યાદી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પરંતુ દર્શકોની આશા છે કે તેઓ પહેલા એપિસોડમાં અજય દેવગન અને અક્ષય કુમારનો વારો કાઢે.જો કાજોલની ફિલ્મની વાત કરવામાં આવે તો છેલ્લી તેની 'મા' ફિલ્મ આવી છે, આ માઈથોલોજિકલ હોરર ફિલ્મ ૨૭ જુને રિલીઝ થઈ હતી, જેણે વર્લ્ડવાઈડ ૫૦ કરોડની કમાણી થઈ હતી. હવે તેની 'સરઝમીન' આવી રહી છે, જે કાયોઝ ઈરાનીએ ડિરેક્ટ કરી છે. તેમાં સુકુમારન અને ઈબ્રાહીમ અલી ખાન પણ છે. આ ફિલ્મ ૨૫ જુલાઈએ જિઓ હોટસ્ટાર પર રિલીઝ થશે.જ્યારે ટ્વિંકલની વાત કરવામાં આવે તો તેણે ૯૦ના દાયકામાં છેલ્લી ફિલ્મ કરી છે. તે હવે લેખિકા બની ગઈ છે .





# સલમાન ખાન પોતાની ઇદ કેમ બુલેટપ્રુફ કાચની અંદર મનાવે છે?

સલમાન ખાનને વારંવાર ધમકીઓ મળે છે અને મારી નાખવાની ચેતવણીઓ પણ મળે છે. તેથી તેણે પોતાની બાલ્કનીમાં બુલેટપ્રુફ કાચ નખાવી દીધા છે. થોડાં વખત પહેલાં તેના ઘર બહાર ફાયરિંગની પણ ઘટના બની હતી, તેના કારણે સ્થિતિ હવે વધુ ગંભીર બની ગઈ છે. તેના કારણે સલમાનની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. પરંતુ તેની ઈદની ઉજવણીએ આ વર્ષે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. સામાન્ય રીતે સલમાન ખાન ઈદના દિવસે પોતાની બાલ્કનીમાં આવતો અને ઈદના દિવસે પોતાના ફેન્સનું અભિવાદન ઝિલતો હતો. પરંતુ આ વખતે તે બુલેટપ્રુફ કાચ પાછળ ઉભો હતો. આ બાબત તેના માટે અને તેના ફેન્સ બંને માટે નવી હતી. તાજેતરમાં સલમાને આ અનુભવ વિશે વાત કરી હતી. એક ઈન્ટરવ્યુમાં સલમાન ખાને જણાવ્યું, "બીજા કોઈ કારણસર આવું નથી કર્યું, પરંતુ અમારે હવે સુરક્ષાનું પણ ધ્યાન રાખવું પડશે. કારણ કે ક્યારેક એવું બને છે કે અમારી બાલ્કનીમાં ક્યારેક કોઈ ફેન્સ સુતેલા જોવા મળે છે. એ લોકો ઉપર ચડી આવતા અને બાલ્કનીમાં સુઈ જતાં હતાં. એટલે અમારે એ જગ્યા બંધ કરી દેવી પડી." જો સલમાનની ફિલ્મની વાત કરવામાં આવે તો હાલ તે 'બેટલ ઓફ ગલવાન'માં કામ કરી રહ્યો છે. તેમાં ઈન્ટેન્સ એકશન સીન માટે તે ભરપુર તૈયારીઓ કરી રહ્યો છે. ૫૯ વર્ષની ઉંમરે તેના માટે વારંવાર આટલી મહેનત કરવી પણ દિવસે અને દિવસે અઘરી થતી જાય છે. પોતાના ભૂતકાળના દિવસો યાદ કરતા સલમાને કહ્યું, હું એક કે બે અઠવાડિયા માટે જ કસરત કરતો હતો. હાલની સ્થિતિ અંગે વાત કરતા સલમાને કહ્યું,"હાલ હું દોડું છું, કિકિંગ, પંચિંગ એવી બધી કસરકો કરું છું, આ ફિલ્મ માટે તેની જરૂર છે.

# તારા સુતરિયાએ વીર પહાડિયા સાથે રિલેશનશિપ જાહેર કરી

## સોશિયલ મીડિયા પર લોકોએ શુભેચ્છાઓ પણ આપી દીધી





થોડાં વખત પહેલાં જ તારા સુતરિયાનો નવો મ્યુઝિક વીડિયો આવ્યો, "થોડી સી દારુ" જેના કારણે તે હાલ ચર્ચામાં છે, તેણે આ વીડિયોમાં શ્રેયા ઘોષાલ અને એપી ધિલ્લોં સાથે કામ કર્યું છે. એપી ધિલ્લોં સાથેની તેની કેમેસ્ટ્રી તો લોકોને પસંદ આવી જ. સાથે તેના કહેવાતા બોયફ્રેન્ડ વીર પહાડિયા સાથેની વાતચીતે ખાસ લોકોનું ધ્યાન ખેંચ્યું છે.તેણે આ વીડિયોના શૂટ પહેલાનાં કેટલાક બિહાઈન્ડ ધ સીન વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા હતા. જેમાં ગોલ્ડન બેકલેસ મિનિ ડ્રેસમાં તારા ખુબ આકર્ષક દેખાય છે. જ્યારે એપી ધિલ્લોં વ્હાઈટ શર્ટ અને લૂઝ બૉ ટાઈમાં જોવા મળે છે. આ પોસ્ટ સાથેની કેપ્શનમાં તેણે લખ્યું, "તુ હી એ ચાન. મેરી રાત એ તુ" ઘણા ફેન્સને તેની આ તસવીરો ઘણી પસંદ પડી, પરંતુ આ તસવીરો પર વીર પહારિયાએ આપેલા રિએક્શને જ સૌથી વધુ લોકોનું ધ્યાન ખેંચ્યું છે.વીરે આ પોસ્ટની કમેન્ટમાં માત્ર "માય(મારી)" લખ્યું, તેની સાથે એક સ્ટારનો અને એક રેડ હાર્ટનો ઈમોજી મુક્યો હતો. આ પ્રેમની અભિવ્યક્તિ આટલે અટકતી નથી. વીરની આ કમેન્ટના જવાબમાં તારાએ રિપ્લાય કર્યો અને લખ્યું, "માઇન(મારો)" સાથે તેણે ઈવિલ અને રેડ હાર્ટનું ઈમોજી મુક્યું હતું. આ વાતચીતે ઘણાં લોકોનું ધ્યાન ખેંચ્યું છે. બંનેની આ કમેન્ટથી તેઓ બંને પોતાની રિલેશનશિપ જાહેર કરવાનું આયોજન કરી રહ્યા છે, એવી પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. લોકોએ આ બંનેને સુખી જીવનની શુભેચ્છાઓ પણ આપી દીધી હતી. તારા અને વીર વચ્ચેના સંબંધોની ચર્ચા તારાએ આદર જૈન સાથે બ્રેક અપ કર્યું ત્યારથી શરૂ થઈ છે. તેઓ એક જ રેસ્ટોરાંમાંથી અલગ અલગ બહાર આવતા દેખાયા ત્યારથી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. જુનમાં એક ફેશનશોમાં પણ એ બંનેએ સાથે રૅમ્પ વૉક કર્યું હતું.જો તારા સુતરિયાની ફિલ્મની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે થ્રિલર ફિલ્મ 'અપૂર્વ'માં કામ કર્યું હતું, જેમાં તેની સાથે અભિષેક બેનર્જી અને રાજપાલ યાદવ પણ હતા.

# ઇજા છતાં રિશભ પંતે અડધી સદી ફટકારી, ઇંગ્લેન્ડનો મજબૂત પ્રારંભ

ઓપનર ઝેક ક્રોલે અને બેન ડકેટે વિશાળ ભાગીદારી નોંધાવતાં ઈંગ્લેન્ડે અહીં રમાઈ રહેલી ચોથી ક્રિકેટ ટેસ્ટમાં ગુરુવારે ભારત સામે જોરદાર પ્રહાર કરીને મજબૂત પ્રારંભ કર્યો હતો. ભારતના ૩૫૮ રનના સ્કોર સામે રમતાં ઈંગ્લેન્ડે ગુરુવારની દિવસની રમતના અંત સુધીમાં તેના પ્રથમ દાવમાં બે વિકેટે ૨૨૫ રન કરી લીધા હતા. આમ તે હાલમાં ભારત કરતાં ૧૩૩ રન પાછળ છે અને તેની આઠ વિકેટ જમા છે.

અહીંના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાતી મેચના બીજા દિવસે ભારતે તેનો દાવ ચાર વિકેટે ૨૬૪ રનથી આગળ ધપાવ્યો હતો અને ૩૫૮ રન સુધીમાં તેના તમામ બેટર આઉટ થઈ ગયા હતા. જોકે ઈજાગ્રસ્ત રિશભ પંત આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. તે ઘાયલ હોવા છતાં બેટિંગ કરવા આવ્યો હતો અને અડધી સદી ફટકારી હતી.

ભારતના ૩૫૮ રનના સ્કોર સામે રમતાં ઈંગ્લેન્ડ માટે ઝેક ક્રોલે અને બેન ડકેટે પહેલી વિકેટ માટે ૧૬૬ રનની ભાગીદારી માત્ર ૩૨ ઓવરમાં નોંધાવી હતી. ક્રોલે ૧૧૩ બોલમાં ૮૪ રન ફટકારીને આઉટ થયો હતો. ટીમનો સ્કોર ૧૯૭ હતો ત્યારે બેન ડકેટ નવોદિત બોલર અંશુલ કમ્બોજના બોલે વિકેટ પાછળ ઝડપાઈ ગયો હતો. તે છ રન માટે સદી ચૂકી ગયો હતો. ડકેટે ૧૦૦ બોલમાં ૧૩ ચોગ્ગા સાથે ૯૪ રન ફટકાર્યા હતા. બીજા દિવસની રમતને અંતે જો રૂટ ૧૧ તથા ઓલિ પોપ ૨૦ રન સાથે રમતમાં હતા.

અગાઉ ભારતે ચાર વિકેટે ૨૬૪ રનના સ્કોરથી તેનો પ્રથમ દાવ આગળ ધપાવ્યા બાદ રવીન્દ્ર જાડેજા તો તરત જ આઉટ થઈ ગયો હતો પરંતુ જેની સિરીઝમાંથી બહાર થઈ જવાની અટકળ હતી તે રિશભ પંત ઈજા છતાં બેટિંગ કરવા આવ્યો હતો અને તેણે શાનદાર અડધી સદી ફટકારીને ભારતનો સ્કોર ૩૫૮ સુધી પહોંચાડવામાં મદદ કરી હતી.




# બીસીસીઆઈ સપ્ટેમ્બરમાં યુએઈમાં એશિયા કપનું આયોજન કરશે

ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) આગામી સપ્ટેમ્બરમાં એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન યુનાઈટેડ આરબ અમિરાત (યુએઇ)માં કરે તેવી પૂરી સંભાવના છે. આ અંગે સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરાય તેવી શક્યતા છે. તેમ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું.




આગામી એશિયા કપના યજમાન સ્થળ અંગે નિર્ણય લેવા માટે એસીસીના તમામ ૨૫ સદસ્યની એક બેઠક તાજેતરમાં યોજાઈ હતી તેમાં આ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બીસીસીઆઈના પ્રતિનિધિ તરીકે આ બેઠકમાં બોર્ડના વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લાએ ઓનલાઈન હાજરી આપી હતી.

આ અંગે સુત્રોએ નામ જાહેર નહીં કરવાની શરતે માહિતી આપી હતી કે બીસીસીઆઈ આ વખતની એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ યુનાઈટેડ આરબ અમિરાતમાં યોજી રહ્યું છે. જોકે તેના કાર્યક્રમ અંગે તેઓ હજી પણ ચર્ચા કરી રહ્યા છે.

સપ્ટેમ્બરમાં એશિયા કપ લગભગ એક પખવાડિયા સુધી યોજાશે. સપ્ટેમ્બરના અંતિમ સપ્તાહ અગાઉ તેની ફાઈનલ મેચ રમાશે કેમ કે આ તબક્કેથી ભારતીય ટીમ વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ સિરીઝ રમનારી છે. આમ આ સિરીઝ શરૂ થાય તે અગાઉ એશિયા કપની ફાઈનલ રમાઈ જાય તે જરૂરી છે.

બોર્ડના સેક્રેટરી દેવજિત સાઈકિયાએ જણાવ્યું હતું કે અમારા વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લાએ એસીસીની બેઠકમાં હાજરી આપી હતી. તેઓ આ અંગે બોર્ડના સદસ્યોની માહિતગાર કરશે. હું અટકળોમાં માનતો નથી તેથી તમે આ અંગે થોડા દિવસોમાં સત્તાવાર રીતે માહિતી પ્રાપ્ત કરશો.

ઢાકામાં યોજાયેલી બેઠકમાં એસીસીના ચેરમેન અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના વડા મોહસિન નકવીએ એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના મુકાબલા અંગે મૌન સેવ્યું હતું અને કોઈ સ્પષ્ટતા કરી ન હતી.

નકવીએ આ અંગે જણાવ્યું હતું કે અમે ટૂંક સમયમાં જાહેરાત કરીશું. આ મામલે અમારે બીસીસીઆઈ સાથે મંત્રણા થઈ છે અને કેટલાક મુદ્દા છે જેનો અમે ટૂંક સમયમાં ઉકેલ લાવીશું. આ બેઠકમાં તમામ ૨૫ સદસ્યોએ કાં તો રૂબરૂ અથવા તો ઓનલાઈન હાજરી આપી હતી. અમે તમામ આ મુદ્દે એકમત છીએ. એમ મનાય છે કે બીસીસીઆઈના દબાણને કારણે બેઠકમાં એજન્ડામાં રહેલા દસ મુદ્દામાંથી માત્ર બે મુદ્દે જ ચર્ચા થઈ હતી.

# ચાઇના ઓપનમાં ભારતની જ ઉન્નતિએ સિંધૂને હરાવી

ચાઈના ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતની અનુભવી અને યુવાન ખેલાડી વચ્ચે રોમાંચક મુકાબલો જોવા મળ્યો હતો જેમાં હરિયાણાની ૧૭ વર્ષીય ખેલાડી ઉન્નતિ હૂડાએ બે વખતની ઓલિમ્પિક્સ મેડલ વિજેતા અને સ્ટાર ખેલાડી પીવી સિંધૂને હરાવીને સનસનાટી મચાવી દીધી હતી.

ઉન્નતિ હૂડાએ એક કલાક અને ૧૩ મિનિટ સુધી રમાયેલી રોમાંચક મેચમાં ૨૧-૧૯, ૧૯-૨૧, ૨૧-૧૩થી વિજય મેળવ્યો હતો. સિંધૂ વધુ એક વખત બીજા રાઉન્ડથી આગળ વધી શકી નથી. સિંધૂ સામેના બે મુકાબલામાં પ્રથમ વિજય હાંસલ કરનારી હુડાએ મેચમાં શાનદાર સ્મેશ અને નેટ્સ શોટ્સનું પદર્શન કર્યું હતું.



પ્રથમ બે ગેમ સરભર રહ્યા બાદ હૂડાએ નિર્ણાયક ગેમમાં સિંધૂ ઉપર આક્રમણ કરી દીધું હતું અને તે ગેમમાં હુડા જ હાવી રહી હતી. હુડા તેની કારકિર્દીમાં પહેલી વાર બેડમિન્ટનની સુપર ૧૦૦૦ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે.

રોહતકની આ ટીનેજર ઉન્નતિ હુડા અગાઉ ૨૦૨૨માં ઓડિશા માસ્ટર્સ ૧૦૦ અને ૨૦૨૩માં અબુધાબી માસ્ટર્સ ૧૦૦ બેમિન્ટનમાં ટાઈટલ જીતી ચૂકી છે. તે હવે આગામી મુકાબલામાં જાપાનની અનુભવી અને બે વખતની વર્લ્ડ ચેમ્પિયન તથા હાલમાં ત્રીજો ક્રમાંક ધરાવતી અકાને યામાગુચી સામે ટકરાશે.

# ક્રિકેટર યશ દયાલ સામે બીજો બળાત્કારનો કેસ

## જયપુરમાં સગીરા પર ક્રિકેટર બનાવવાના બહાને બળાત્કાર; ગાઝિયાબાદની યુવતીએ પણ આરોપ લગાવ્યા હતા

જયપુરમાં રહેતી એક છોકરીએ અહીંના સાંગાનેર સદર પોલીસ સ્ટેશનમાં ક્રિકેટર વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે યશે ક્રિકેટમાં કારકિર્દી બનાવવાની લાલચ આપીને અને ઈમોશનલ બ્લેકમેઈલ કરીને બે વર્ષ સુધી તેની સાથે બળાત્કાર કર્યો હતો.

અગાઉ ૮ જુલાઈના રોજ, યુપીના ગાઝિયાબાદની એક યુવતીએ પણ યશ પર લગ્નના બહાને તેના પર બળાત્કાર કરવાનો આરોપ લગાવ્યો હતો. આ કેસમાં યશને અલ્હાબાદ હાઈકોર્ટમાંથી ધરપકડમાંથી રાહત મળી હતી.

SHO અનિલ જૈમને જણાવ્યું હતું કે જયપુરની છોકરી ક્રિકેટ રમતી વખતે યશ દયાલના સંપર્કમાં આવી હતી. એવો આરોપ છે કે લગભગ ૨ વર્ષ પહેલા જ્યારે તે સગીર હતી, ત્યારે યશે ક્રિકેટમાં કારકિર્દી બનાવવાના બહાને તેના પર બળાત્કાર કર્યો હતો. કારકિર્દી બનાવવાના તેના સપનાનો લાભ લઈને, આરોપીએ તેના પર બળાત્કાર ચાલુ રાખ્યો હતો.

SHOએ જણાવ્યું હતું કે IPL-૨૦૨૫ મેચ દરમિયાન જયપુર આવેલા યશ દયાલે છોકરીને સીતાપુરાની એક હોટલમાં બોલાવી અને ફરીથી તેની સાથે બળાત્કાર કર્યો. ઈમોશનલ બ્લેકમેઈલ અને સતત શોષણથી પરેશાન, પીડિતાએ ૨૩ જુલાઈના રોજ કેસ દાખલ કર્યો.

યુવતી પર પહેલી વાર બળાત્કાર થયો હતો જ્યારે તે ૧૭ વર્ષની સગીર હતી. આવી સ્થિતિમાં, પોલીસે પોક્સો એક્ટ હેઠળ FIR નોંધી છે.

યશ દયાલ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો ભાગ હતો, જેણે પહેલી વાર IPL જીત્યું હતું. RCBએ ૩ જૂનના રોજ PBKSને હરાવીને ટાઈટલ જીત્યું હતું.RCB બોલર યશ દયાલની ધરપકડ પર રોક, જાતીય સતામણીના કેસમાં હાઈકોર્ટે કહ્યું- એક કે બે દિવસ માટે મૂર્ખ બનાવી શકાય, ૫ વર્ષ માટે નહીઅલ્હાબાદ હાઈકોર્ટે ક્રિકેટર યશ દયાલની ધરપકડ પર રોક લગાવી દીધી છે. કોર્ટે કહ્યું- તમને એક કે બે દિવસ માટે મૂર્ખ બનાવી શકાય છે. પરંતુ ૫ વર્ષના સંબંધમાં કોઈને મૂર્ખ બનાવી શકાતું નથી. યશ દયાલે




જાતીય સતામણીની FIR સામે અરજી દાખલ કરી હતી. મંગળવારે ન્યાયાધીશ સિદ્ધાર્થ વર્મા અને ન્યાયાધીશ અનિલ કુમારની ડિવિઝન બેન્ચે આ કેસની સુનાવણી કરી. હાઈકોર્ટે આ કેસમાં વિરોધી પક્ષને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો છે.

# સાત્વિક અને ચિરાગની જોડી ક્વાર્ટર ફાઇનલમાં, પ્રણોય આઉટ

સાત્વિકસાઈરાજ રાન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની બનેલી ભારતીય જોડીએ ગુરુવારે ચાઈના ઓપન સુપર ૧૦૦૦ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મેન્સ ડબલ્સ ઈવેન્ટમાં શાનદાર રમતનું પ્રદર્શન કરીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. જોકે ભારતનો સ્ટાર ખેલાડી એચ એસ પ્રણોય સિંગલ્સમાં તેનો મુકાબલો હારી જતાં ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો.

ગુરુવારે રમાયેલી પ્રિ ક્વાર્ટર ફાઈનલમાં સાત્વિક-ચિરાગની જોડીએ મળીને ઈન્ડોનેશિયાના લિયો રોલી કાર્નેડો અને બાગાસ મોલાનાની જોડીને ૨૧-૧૯, ૨૧-૧૯થી સીધી ગેમમાં હરાવી હતી. વિશ્વમાં ભૂતપૂર્વ મોખરાના ક્રમની જોડીએ ટેકનિકલી મજબૂત અને શિસ્તબદ્ધ રમતનું પ્રદર્શન કર્યું હતું અને વિશ્વમાં આઠમા ક્રમની ઈન્ડોનેશિયન જોડી સામે મજબૂત ટક્કર આપી હતી. બંને ગેમમાં હરીફ જોડીએ સ્કોર છેક ૧૯ સુધી પહોંચાડ્યો હતો. આમ ભારત માટે આ વિજય આસાન રહ્યો ન હતો પરંતુ છેલ્લી ઘડીની આક્રમક રમતે તેમને સફળતા અપાવી હતી.

મેચ બાદ ચિરાગે જણાવ્યું હતું કે આ લગભગ આવનજાવન જેવો મુકાબલો હતો. સમગ્ર મેચ દરમિયાન મેચનું પાસું પલટાતું રહેતું હતું. મેચમાં ક્યારેય લાંબી સરસાઈ મળી નથી. તેવી જ રીતે તેમને પણ ક્યારેય લાંબા અંતરની સરસાઈ સાંપડી ન હતી. મને લાગે છે કે ૧૬ પોઈન્ટ બાદ અમને લાગ્યું હતું કે જીતી શકાય તેમ છે. એ સમયે અમને સફળતા મળી હતી અને ઉપરા ઉપરી ત્રણથી ચાર પોઈન્ટ મળી ગયા હતા. આમ અમે અંત ભાગમાં ૨૧ના સ્કોર સુધી પહોંચી શક્યા હતા. જોકે મને લાગે છે કે બીજી ગેમમાં અમે વધારે સજ્જ હતા. અમે સુરક્ષિત ન હતા પરંતુ વધારે ધૈર્ય રાખીને રમવાને કારણે મેચ જીતવા તરફ ઝડપથી આગળ ધપી શક્યા હતા તેમ ચિરાગ શેટ્ટીએ ઉમેર્યું હતું.

સાત્વિક અને ચિરાગે તેમની બંને ગેમ જીતવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો કેમ કે મેચમાં બીજા સતત પલટાતી રહેતી હતી. દરમિયાન ભારતના એચ એસ પ્રણોયના અભિયાનનો અંત આવી ગયો હતો.




# ડકેટ-ક્રોલીની ઇનિંગથી ઇંગ્લેન્ડ ડ્રાઇવિંગ સીટ પર

માન્ચેસ્ટર ટેસ્ટમાં ભારત સામે ઈંગ્લેન્ડ મજબૂત સ્થિતિમાં છે. ગુરુવારે મેચના બીજા દિવસના અંત સુધીમાં ટીમે બે વિકેટે ૨૨૫ રન બનાવ્યા છે. રમતના અંતે ઓલી પોપ ૨૦ અને જો રૂટ ૧૧ રન બનાવીને અણનમ રહ્યો. બેન ડકેટ ૯૪ અને જેક ક્રોલી ૮૪ રન બનાવીને આઉટ થયા. બંનેએ ૧૬૬ રનની ઓપનિંગ ભાગીદારી કરી.ભારતીય ટીમે સવારે ઓલ્ડ ટ્રેફોર્ડ મેદાન પર ૨૬૪/૪ના સ્કોરથી રમવાનું શરૂ કર્યું અને ૩૫૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. વિકેટકીપર રિષભ પંત (૫૪ રન) ઈજાગ્રસ્ત હોવા છતાં બેટિંગ કરવા ઉતર્યો. એટલું જ નહીં, તેણે પોતાની ફિફ્ટી પણ પૂર્ણ કરી.પંત ઉપરાંત, સાઈ સુદર્શને ૬૧, યશસ્વી જયસ્વાલે ૫૮ અને શાર્દૂલ ઠાકુરે ૪૧ રન બનાવ્યા. બેન સ્ટોક્સે ૫ વિકેટ લીધી. જોફ્રા આર્ચરે ૩ વિકેટ લીધી. બુધવારે, ઈંગ્લેન્ડે ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું.



સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૨૫ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## હર... હર... મહાદેવ



આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ ગયો છે. શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે શિવમંદિરોમાં ભક્તોની ભારે ભીડ જામવાની છે. આજે વહેલી સવારથી મહાદેવના મંદિરોમાં ભક્તો શિવ પૂજા અને આરાધના માટે ઉમટી પડ્યાં છે. મોટી સંખ્યામાં ભક્તો શિવાલય પહોંચી રહ્યા છે. શિવજીના તમામ ભક્તો આજથી શિવભક્તિમાં લીન રહેવાના છે. શિવજીની પૂજા માટે બીલીપત્ર, ફૂલો અને જળ ચઢાવવામાં આવે છે. (તસવીર : હનીફ મલેક)

# શ્રાવણના આરંભ સાથે શિવાલયોમાં હર.. હર.. મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો

### ઓલપાડના સરસગામના પૌરાણિક સિદ્ધનાથ મહાદેવ મંદિરમાં શ્રદ્ધાળુ ભક્તોની ભીડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

આજથી પવિત્ર શ્રાવણ માસના આરંભ સાથે શિવાલયોમાં હર.. હર..મહાદેવના નાદથી ભાવિકભક્તો ઉમટી પડ્યા હતા. આ આખો પવિત્ર મહિના દરમિયાન શિવની આરાધના કરવામાં આવશે.

શિવ સાથે જીવનું મિલન કરાવતા પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ આજે શુક્રવાર થી થઈ રહ્યો છે.ત્યારે શિવ ભકતોમાં શિવ આરાધનાને લઈ ઉત્સાહ ઉમંગ જોવા મળી રહ્યો છે. જિલ્લા સહિત તાલુકાનાં શિવાલયોમાં ધર્શનાર્થીઓથી ઉભરાશે.ઠેર ઠેર હિન્દુ સમાજ પવિત્ર મહિનાને લઈને ભગવાનની ભક્તિમાં રસતરબોળ બન્યા છે.

આજે શ્રાવણ માસના પ્રથમ દિવસને લઈને જિલ્લાના શિવાલયો ઉપર શિવ ભક્તોની ભીડથી ઉભરાશે અને પૂજા પાઠ આરતી ઉતારી શિવજીને રીઝવવાનો પ્રયાશ કરશે.શ્રાવણ મહિનો ધાર્મિક મહાત્મય ધરાવે છે.પ્રભુ ભક્તિ અને શિવજીને પ્રસન્ન કરવાનો મહિનો એટ્લે શ્રાવણ માસ બાર માસમાં સૌથી પવિત્ર માસ અને ભક્તિ કરવા માટેનો ઉત્તમ માસ એટ્લે શ્રાવણ માસ આ માસમાં શિવ ભક્તિની અનન્ય માન્યતા છે. સુરત જીલ્લામાં ઓલપાડ, બારડોલી, કીમ,કોસંબા સહિતના વિસ્તારમાં શ્રાવણ માસની શરૂઆતથી ઠેર ઠેર ધાર્મિક પ્રવૃતિઓનો પણ શુભારંભ થયો છે. ત્યારે ઓલપાડના સરસગામે આવેલ પ્રાચીન ઐતિહાસિક સિધ્ધ્નાથ મહાદેવ મંદિરે ભક્તોની ભારે ભીડ જામી છે. વિવિધ તાલુકાઓમાં શિવાલયોમાં શ્રધ્ધાળુઓનો ઘસારો જોવા મળશે અને શિવલિંગ ઉપર દૂધ બિલ્લીપત્ર ચઢાવી ભગવાન ભોલેને રીઝવશે.



# નવા ફોનની પાર્ટી આપનાર યુવક ખુશીમાં ટેરેસ પરથી પટકાતા મોત

### નાણાવટ હનુમાનની પોળમાં બનેલી ઘટના

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

લાલગેટ ખાતે નાણાવટ ખાતે નવો ફોન ખરીદ્યો હોવાની ખુશીમાં પોતાના ટેરેસ ઉપર મિત્રોને બોલાવી પાર્ટી કરી રહેલા યુવકનું ટેરેસ ઉપરથી આકસ્મિક રીતે નીચે પટકાતા તેનું મોત નીપજ્યું હતું. પાર્ટીમાં મિત્રો નશો કરી રહ્યા હોવાનું પણ તપાસમાં ખુલ્યું છે

મૂળ યુપીના મિરઝાપુર ના વતની અને હાલ લાલગેટ નાણાવટ હનુમાનની પોળમાં આવેલી બિલ્ડીંગના ત્રીજા માટે રહેતા રમેશ રામચંદર શહાની(ઉ.વ.૩૯ )એ નવો મોબાઈલ ફોન ખરીદ્યો હતો. જેની ખુશીમાં રમેશે તેના બે મિત્રોને પાર્ટી આપી હતી.દરમિયાન રમેશ તેના બે મિત્રો સાથે ઘરના ટેરેસ ઉપર પાર્ટી કરવા ચડ્યો હતો. પાર્ટીમાં તેઓ નશો કરી રહ્યા હતા. દરમિયાન

રમેશ ટેરેસ ઉપરથી આકસ્મીક રીતે પડી જતા તેને માથાના ભાગે ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારમાં અને મિત્રોમાં ભારે શોકનો માહોલ છવાયો હતો લાલગેટ પોલીસ હાલ મૃતક કઈ રીતે પડ્યો તેની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

# કેનેડા અભ્યાસના નામે વડોદરાના બે ઠગે રૂ.૧૭ લાખ પડાવી લીધા

### વડોદરાની એજન્ટ ઓવર્સિસ એજ્યુકેશને અનેક લોકોને ઠગી લીધા છે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

વડોદરા અધિક સિવિલ જજ અને જે.એમ.એફસી કોર્ટના હુકમ અનુસાર અકોટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિદેશ અભ્યાસ અર્થે જવા ઈચ્છુક વિદ્યાર્થીઓ પાસેથી રૂપીયા લઈ છેતરપિંડીના ગુનામાં પકડાયેલ આરોપી સામે અન્ય કોઈ ફરીયાદ હોય તો જે તે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવા જણાવાયું હોય આ મામલે ઉમરા વિસ્તારના પણ એક નિવૃત્ત વ્યક્તિના પુત્રને કેનેડા મોકલવાના બહાને રૂ.૧૭ લાખ પડાવી લેવાયા હોય વધુ એક ફરીયાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

ઉમરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વડોદરા અટલાદરા વિસ્તારમાં આર્યા ઈલાઈટ નારાયણની વાડીની પાછળ રહેતા વિપુલ જગદીશ ચૌહાણ અને વિજયકુમાર પરષોત્તમ પરમાર સામે વડોદરા અકોટા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. વિપુલ અને વિજયકુમારે ઈચ્છાનાથ નેહરૂનગર પાસે શિવમ એપાર્ટમેન્ટમાં રહેતા નિવૃત્ત પિનાકીન લલ્લુભાઈ રાઠોડ ઉ.વ.૬૩ના પુત્ર સિદ્ધાર્થને સને ૨૦૨૪માં કેનેડા વેસ્ટ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જવું હોય અને સિદ્ધાર્થનો મિત્ર અવેજ રાણા કેનેડા અભ્યાસ કરતો હોય તેના રેફરન્સથી પિનાકીનભાઈ અને તેમના પુત્ર સિદ્ધાર્થ એઝન્ટ ઓ વરસિસ એજ્યુકેશન નામની વિઝા કન્સલ્ટીંગ ઓફીસ વડોદરા ચકલી સર્કલની ઓફીસે ગયા હતા. જ્યાં એઝન્ટ ઓવર્સિસમાં રાધિકા ગુપ્તા નામની યુવતીએ સિદ્ધાર્થના ડોક્યુમેન્ટ લીધા હતા. ત્યારબાદ કેનેડામાં એડમીશન કરાવવાની વાત કરી ડીપોઝીટ પેટે ટુકડે ટુકડે કરીને અલગ-અલગ પ્રોસેસના નામે કુલ રૂ.૧૭ લાખ મેળવી લીધા હતા. ત્યારબાદ સને ૨૦૨૪ના નવેમ્બર મહિનામાં વિઝા એપ્લીકેશન નામંજુર થયાનું જણાવી આરોપીઓએ ડિપોઝીટ ફી કેનેડા વેસ્ટ યુનિવર્સિટી દ્વારા રીફંડ થયા હતા.

# ડીંડોલી અને ભેસ્તાનમાં બે સર્પ દેખાતા રેસ્ક્યું કરાયા

### જીવદયા સંસ્થા હસ્તે સર્પને જંગલ વિસ્તારમાં છોડાય છે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી વાતાવરણ વચ્ચે સુરત શહેરમાંથી સર્પ નીકળવાના બનાવો સામે આવી રહ્યા છે. શહેરની બે અલગ અલગ રહેઠાણ વાળી જગ્યાએ બે સર્પ નીકળી આવતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફાયર વિભાગને જાણ કરવામાં આવતા તેમની ટીમે બંને સાપને પકડી લેવામાં આવ્યા હતા.

વરસાદની ઋતુમાં સર્પ રહેઠાણવાળી જગ્યાઓએ નીકળતા હોય છે. જોકે આ વખતે સર્પ નીકળવાના કિસ્સામાં વધારો થયો છે. આજે સવારે બે સાપ દેખાયા હોવાના કોલ ફાયરને મળ્યા હતા. જેથી સ્થાનિકોએ ફાયર વિભાગને અવગત કરવામાં આવ્યો હતો. વહેલી સવારે ૦૮:૪૩ વાગ્યાની આસપાસ ડીંડોલી સુમન કેશવ આવાસ પાસેથી એક સાપ મળ્યો હતો. જેથી ફાયર વિભાગને કોલ મળતા ઘટના સ્થળે પહોંચી જઈ સાપને પકડી લીધો હતો. જ્યારે બીજા બનાવમાં ભેસ્તાન પ્રિયંકા ચોકડી ભિસત રેસીડેન્સીમાંથી પણ એક સર્પ દેખાયો હોવાનો કોલ મળ્યો હતોં. જેથી ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને સર્પને પકડી લીધો હતો. જોકે આ બંને સર્પથી કોઈ વ્યક્તિને હાલ ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું નથી. ફાયર આ બન્ને સાપનું પકડી લેતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

## સરથાણાં જીટીપીએલની ઓફિસમાં ચોરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

સરથાણા પુણા સીમાડા રોડ ઉપર દેવી કૃપા સોસાયટીમાં આવેલી જીટીપીએલની ઓફીસમાંથી બે અજાણ્યા તસ્કરો ડ્રોઅરમાંથી રોકડા રૂ.૩૦ હજારની ચોરી કરી ગયા હતા. આ મામલે ઓફીસમાં નોકરી કરતા એક કર્મચારીએ સરથાણા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરીયાદ નોંધાવી હતી.સરથાણા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર માંગરોળના લીમોદ્રાના વતની અને હાલ ઉત્રાણ દેવીકૃપા સોસાયટીમાં રહેતા હર્ષદ નવનિતભાઈ પટેલ ઉ.વ.૫૪ પુણા સીમાડા રોડ સંઘના સોસાયટીની સામે દેવી કૃપા સોસાયટીમાં જીટીપીએલની ઓફીસમાં નોકરી કરે છે. દરમિયાન ગઈ તા.૨૪ જુલાઈના રોજ બપોરના સમયે જીટીપીએલની ઓફીસમાંથી બે તસ્કરો રૂ.૩૦ હજારની ચોરી કરી ગયા હતા. આ મામલે સરથાણા પોલીસ મથકમાં હર્ષદભાઈ પટેલે ચોરીની ફરીયાદ નોંધાવી હતી.

# રિક્ષામાં વિદેશી દારૂની હેરફેર, કુલ ૪૨૬ બોટલ કબજે કરાઈ

### સચીન પોલીસે ટ્રાન્સજેન્ડર અને રિક્ષાચાલકની ધરપકડ કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

સચિન ખરવાસા ગામમાં પુલ પાસે એક ટ્રાન્સજેન્ડર રિક્ષામાં વિદેશી દારૂનો મોટો જથ્થો લઈ જઈ રહ્યો હતો, ત્યારે પોલીસે ટ્રાન્સજેન્ડર અને રિક્ષા ચાલકને પકડી પાડ્યા અને ૨.૭૧ લાખ રૂપિયાની કિંમતની ૪૨૬ બોટલ, રોકડ રકમ અને રિક્ષા જપ્ત કરી.

સચિન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. વાઘેલાની સૂચના પર, સહાયક સબ ઈન્સ્પેક્ટર ઈન્દ્રજીત વનારાએ મળેલી માહિતીના આધારે ભાટિયા-ડિંડોલી રોડ પર ખારવાસા પુલ તરફ જતા માર્ગ પર દેખરેખ ગોઠવી. જ્યારે ત્યાંથી પસાર થતી રિક્ષાને રોકીને તલાશી લેવામાં આવી ત્યારે વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૪૨૬ બોટલ અને રિક્ષા જેની કિંમત રૂ. ૧,૦૯,૪૧૪, રોકડા રૂ. ૧૭,૦૦૦ અને રૂ. ૨.૭૧ લાખનો માલ જપ્ત કરવામાં આવ્યો હતો. કિન્નર મહિકુંવર ઉર્ફે મેહુલ નવીનભાઈ કહાર (રહે- માછીવાડ, નાનપુરા) અને રિક્ષા ચાલક સૂરજ અજયભાઈ પટેલ (રહે- મહાદેવનગર, પાંડેસરા) ની ધરપકડ કરવામાં આવી છે.

# પારિવારિક ઝઘડામાં મિત્રની પત્નીનું કોલ રેકોર્ડિંગ વાયરલ કરાયુ

### પતિના મિત્ર સહિત ફેસબુકના ૬ આઈડી ધારકો સામે ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

વરાછા વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષિય પરિણીતાએ કૌટુંબીક ઝઘડાની વાતો પતિના મિત્રને ફોન ઉપર કરી હોય જુના ઝઘડાઓની વાતોનું રેકોર્ડીંગ અલગ-અલગ ફેસબુક આઈડી મારફતે સોશિયલ મીડીયામાં ફરતી કરી દેવાઈ હતી. આ મામલે પરિણીતાને પતિ દ્વારા જાણ કરવામાં આવતા તેણે ભાવનગરના લાલજી ગુજરીયા, વરાછા લજામણી ચોક પાસે રહેતા કલ્પેશ દેવાણી તેમજ રોહીત વાઘેલા, લાઘા વડોદરાવાળા તેમજ લાલ બાદશાહ ના નામની ફેસબુક યુઝર્સ સામે વરાછા પોલીસ સ્ટેશનમાં બદનક્ષીની ફરીયાદ નોંધાવી હતી.વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અશ્વીનીકુમાર રોડ વરાછા ખાતે રહેતી પરિણીતા અગાઉ પતિ અને સંતાનો સાથે સંયુક્ત કુટુંબમાં રહેતી હોય જે-તે સમયે થયેલા પારિવારીક ઝઘડા પરિણીતાએ પતિના મિત્ર લાલજી ગુજરીયાને કરી હતી. દરમિયાન પરિણીતા સાથે થયેલી વાતચીતનું ફોનમાં રેકોર્ડીંગ કરી લાલજી ગુજરીયાએ કલ્પેશ દેવાણીને રેકોર્ડીંગ આપ્યું હતું જે કલ્પેશે મોન્ટુ દેવાણી નામની ફેસબુક આઈડીમાં ઓડીયો વાયરલ કર્યો હતો. સમાજમાં બદનક્ષી થાય તેવું કૃત્યુ કરવા બદલ આ મામલે પરિણીતાએ ગઈકાલે વરાછા પોલીસ સ્ટેશનમાં અલગ-અલગ આઈડી ધારકો કે જેમણે રેકોર્ડીંગ વાયરલ કર્યું હતુ તેમની સામે ફરીયાદ નોંધાવી હતી.

# હીરા વેપારી, દલાલ સહિત ત્રણ જણાંએ ૯.૭૧ લાખના હીરાનું કરી નાખ્યું

### સરથાણાના લાલજી નારોલાએ વરાછા પોલીસ સ્ટેશને રાવ કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

સરથાણા વિસ્તારમાં રહેતા અને વરાછામાં હીરાની ઓફીસ ધરાવતા હીરા વેપારીનો હીરા દલાલ સહિત ત્રણ જણાએ ડાયમંડની એક એપ્લીકેશન મારફતે સંપર્ક કરી રૂ.૯.૭૧ લાખના હીરા મેળવી લઈ તેનું પેમેન્ટ નહીં ચુકવી છેતરપિંડી કરી હોવાની ફરીયાદ વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

મુળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના વતની અને હાલ સરથાણા વ્રજચોક પાસે હરેકૃષ્ણ રેસીડેન્સીમાં રહેતા લાલજી પ્રાગજીભાઈ નારોલા ઉ.વ.૩૭ હિરાના વેપાર સાથે સંકલાયેલા છે. દરમિયાન આરોપી પીયુષ દુધાત્રા, ભરત ગોપાલભાઈ વોરા અને જીમીત કુકડીયાએ કાવત્રાના ભાગરૂપે ગત માર્ચ મહિનામાં વીડીબી ડાયમંડ નામની મોબાઈલ એપ્લીકેશન મારફતે હિરા દલાલ જીમી કુકડીયાએ વેપારી લાલજી નારોલાના સંપર્ક કર્યો હતો અને પોતે હીરાના સારા વેપારી હોવાનું જમાવી હિરાનો ધંધો કરશો તો તમને સમયસર પેમેન્ટ કરાવી આપવાની મારી જવાબદારી રહેશે તેમ કહીને વિશ્વાસ કેળવી લઈ આઈ.જી.આઈ સર્ટીફાઈડ રૂ.૯.૭૧ લાખના હીરા લીધા હતા જેનું વેપારી ધારા ધોરણ પ્રમાણે પેમેન્ટ ચુકવી દેવાનું જણાવી ઉઘરાણી કરતા અલગ-અલગ વાયદાઓ બતાવી સમય પસાર કર્યો હતો તેમજ ફોન અને ઓફીસ બંધ કરી પેમેન્ટ નહીં ચુકવી કે હીરા પણ પરત નહીં કરી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે ગઈકાલે લાલજી નારોલાએ વરાછા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો હતો.

# પ્રેમજાળમાં ફસાયેલી કિશોરીને પ્રેમીએ ગર્ભવતી બનાવી દીધી

### ચાર મહિનાનો ગર્ભ રહેતા આખરે પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

કાપોદ્રામાં રહેતી એક મહિલાએ તેની પુત્રીનું પેટ અસામાન્ય રીતે ફૂલેલું જોયું અને તેનું ચેકઅપ કરાવ્યું તો જાણવા મળ્યું કે તે ચાર મહિનાની ગર્ભવતી છે. પોલીસે પ્રેમી સામે બળાત્કારનો કેસ નોંધ્યો છે જેણે સગીરાને પોતાના ઘરે બોલાવી તેનું જાતીય શોષણ કરીને તેને ગર્ભવતી બનાવી હતી.

અશ્વની કુમાર રોડ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતી અને સાડીમાં તિલકનું કામ કરતી આ મહિલા ૨૦ જુલાઈના રોજ તેની ૧૭ વર્ષની પુત્રી સાથે કામ પર ગઈ હતી. રસ્તામાં, તેણીને શંકા ગઈ જ્યારે તેણીએ જોયું કે તેની પુત્રીનું પેટ અસામાન્ય રીતે ફૂલેલુંછે. જ્યારે તેણી તપાસ માટે હોસ્પિટલમાં ગઈ ત્યારે તેણીને ખબર પડી કે તે ચાર મહિનાની ગર્ભવતી છે અને તેણી તેની પુત્રી સાથે કાપોદ્રા પોલીસ સ્ટેશન ગઈ. સગીરા દોઢ વર્ષ પહેલા હીરાબાગ વિસ્તારમાં રહેતા શ્યામ નામના યુવક સાથે પ્રેમમાં હતી. આ કારણે તેના માતાપિતાએ તેને તેના ઘરે પાછી મોકલી દીધી હતી. એક વર્ષ સુધી તેણીને પોતાના ઘરમાં રાખવાની સાથે, પરિવારે બીજી જગ્યાએ ભાડે ઘર પણ લીધું. બધું પૂરું થઈ ગયું એમ વિચારીને, તેણે પાંચ મહિના પહેલા તેની પુત્રીને તેના મામાના ઘરેથી સુરત બોલાવી. જોકે, સુરત પરત ફર્યા બાદ, પોલીસે યુવક સામે કેસ નોંધ્યો અને દાવો કર્યો કે તે તેના ભૂતપૂર્વ પ્રેમી સાથે સંપર્કમાં હોવાને કારણે ગર્ભવતી થઈ હતી.

## અમરોલીમાં યુવકે યુવતીની છેડતી કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

અમરોલી ખાતે એક ઓરિસ્સાવાસી યુવકે યુવતી સાથે શારીરિક છેડછાડ કરી હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.મૂળ ઓરિસ્સાના ઘનશ્યામ જિલ્લાના પોલોસરા તાલુકાના જિલોડા ગામના વતની અને હાલ સચિન જીઆઈડીસી પાલી ગામ રહેતા ભગભાન સંતોષકુમાર જૈના વિરુદ્ધ યુવતીએ ગઈકાલે અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલે બપોરના આરસાના આરોપી ભગબાન ફરિયાદી યુવતી ન બિલ્ડીગમાં ઘૂસી આવ્યો હતો અને અચાનક યુવતી પાસે આવીને શારીરિક છેડછાડ કરવા લાગ્યો હતો.યુવતીએ તેને દૂર ખસેડવાની કોશિશ કરી હતી, પરંતુ આરોપીએ જબરજસ્તી કરીને યુવતી સાથે હદ બહાર જઈ શારીરિક છેડતી કરી હતી તેવી ફરિયાદ યુવતીએ અમરોલી પોલીસ સ્ટેશનમાં આપી છે. હાલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# વીડિયો કોલ પર કિશોરીને નિર્વસ્ત્ર કરી બ્લેકમેલ કરનાર યુવક સામે ફરિયાદ

### લસકાણાના કરણ હીરપરાએ રોકડા ૯૩ હજાર અને દાગીના પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

લસકાણા વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષિય બેરોજગાર યુવાને કાપોદ્રા વિસ્તારની ૧૬ વર્ષિય સગીરાને તેના ફોટો અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી સગીરાને નિર્વસ્ત્ર કરી તેના ફોટો અને વિડીયો રેકોર્ડીંગ કર્યા હતા. ત્યારબાદ સગીરાના ઘરમાંથી તિજોરીમાંથી ૯૩ હજાર તેમજ બે સોનાનાં બ્રેસલેટ તથા કાનની બુટ્ટી લઈ લીધી હતી. સગીરાના પરિવારને આ સમગ્ર બાબત ધ્યાને આવતા ગઈકાલે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં આરોપી કરણ ઘનશ્યામ હીરપરા સામે ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

કાપોદ્રા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર લસકાણા શુભમ રો-હાઉસ ખાતે રો-હાઉસ નં.૩૯માં રહેતો ૨૨ વર્ષિય કરણ ઘનશ્યામભાઈ હીરપરા છેલ્લા બે મહિનાથી કાપોદ્રા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષ, ૯ મહિનાની એક સગીરાના સંપર્કમાં આવ્યો હતો. સગીરાને વાતોમાં ભોળવી તેને મોબાઈલ ફોન ઉપર નિર્વસ્ત્ર કરાવડાવી તેના વિડીયો સ્ક્રીન શોર્ટ લઈ લીધા હતા. જેને આધારે સગીરાને બ્લેકમેઈલીંગ કરીને તેની છેડતી કરી હતી. તેમજ સગીરાના ઘરે પહોંચી જઈ કરણ ઘનશ્યામ હીરપરાએ ઘરની તિજોરીમાંથી ૯૩ હજાર તેમજ સોનાના ઘરેણા તફડાવી લીધા હતા. આ મામલે ગઈકાલે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. બનાવ અંગે વધુ તપાસ કાપોદ્રા પોલીસ મથકના પી.આઈ. એમ.આર.સોલંકી તપાસ કરી રહ્યા છે.

# વડોદના ટેમ્પા ચાલકને મુંબઈ લઈ જઈ હનીટ્રેપમાં ફસાવ્યો

### ત્રણ મિત્રોએ ફરિયાદીને નશો કરાવી યુવતી સાથેનો વીડિયો બનાવી વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૫**

વડોદમાં રહેતા ટેમ્પો ચાલકને ભાડેથી તેનો ટેમ્પો કરી મુંબઈ લઈ ગયા બાદ ત્રણ મિત્રોએ તેને નશો કરાવી એક યુવતી સાથે ભેટો કરાવીને તેનો વીડિયો બનાવી વાયરલ કરવાની ધમકી આપી ૪૦,૦૦૦ બળજબરથી પડાવી લીધા હતા. ત્યારબાદ ટેમ્પો ચાલકને સુરત લાવીને તેનો ટેમ્પો લઈ લીધા પછી દસ લાખની ખંડણી માંગી હતી અને જો ન આપે તો યુવતી સાથેનો વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હતી. પાંડેસરા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે

મૂળ મિરઝાપુર યુપીના વતની અને હાલ બમરોલી રોડ વડોદ આવાસ વિસતનગરમાં રહેતા જયપ્રકાશ તિવારીએ ઘરે નજીક હીરાનગરમાં રહેતા આર્યન અરવિંદ વર્મા પાંડેસરા કેશવ નગરમાં રહેતા સંજોગ બહાદુર મહંતો અને સની નામના યુવક સામે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જય પ્રકાશ જણાવ્યું હતું કે તે પોતે ટેમ્પો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. થોડા દિવસ પહેલા આર્યન વર્મા, સંજોગ અને સનીએ મારો ટેમ્પો ભાડેથી કરીને મને મુંબઈ લઈ ગયા હતા. ત્યાં તેઓએ મને નશો પણ કરાવ્યો હતો, ત્યારબાદ એક હોટેલમાં લઈ ગયા હતા, જ્યાં હોટલમાં એક અજાણી યુવતી સાથે મારી નશાની હાલતનો વિડીયો બનાવ્યો હતો. બાદમાં મારા એકાઉન્ટમાં ૪૦,૦૦૦ પડાવી લીધા હતા,

ત્યારબાદ સુરત આવીને મને ડીડોલી સી.આર.પાટીલ બ્રીજ પાસે ઉતારી દઈ, મને ઘરેથી ૧૦ લાખ લઈને આવવાનું કહી મારો ટેમ્પો લઈ જઈ રૂપિયા નહી આપે તો યુવતી સાથેનો વિડીયો વાયરલ કરી તેમજ પરીવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે પાંડેસર આ પોલીસે જયપ્રકાશની ફરિયાદ લઈ આર્યન સહિત ત્રણેય મિત્રો સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.